THEOSOPHIC JYOTI (Gujarati Monthly) RNI Registration No. GUJ/GUJ/2015/71878 Dated : 24-05-2017
Published on : 10th Date of every month

सत्यान्नास्ति परो धर्मः | तमसो मा ज्योतिर्गमय

આધ્યાત્મિક આંતર્દૃષ્ટિ પ્રેરતું પોષતું અને પ્રફુલ્લાવતું સામાયિક

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનું મુખપત્ર

# થિયોસોફિક જ્યોતિ
# THEOSOPHIC JYOTI

Editor : Harshavadan M. Sheth

Year-4 | August - 2019 | No. 30

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| 1. | ઓગષ્ટનાં ઓજસ ................................ | શ્રી હર્ષવદન શેઠ | 3 |
| 2. | ગિરિ-તળેટીથી .................................... | શ્રી નરેશ એ. ત્રિવેદી | 5 |
| 3. | ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ ................ | શ્રી ધવલ શેઠ | 8 |
| 4. | ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન દ્વારા અધિકૃત સૂચના ............................ | શ્રી દર્શનભાઈ મોદી | 11 |
| 5. | વેદ પ્રાર્થના .......................................... | શ્રીમતિ સુવર્ણાબેન એસ. શાહ | 12 |
| 6. | શ્રીમદ્ ભગવત ગીતા (નવાઈ લાગે છતાં સાવ સાચુ) .................. | શ્રી સેવંતીલાલ મોદી | 13 |
| 7. | માર્ગ ઓળંગી જવો તે સરળ નથી. .............. | શ્રી પ્રો. એચ. જી. છીંકણીવાળા | 14 |
| 8. | મોક્ષ ક્યારે ? ...................................... | શ્રી ભરત ચુડાસમા | 16 |
| 9. | શ્રી ગુરુચરણે "કાવ્યાનુવાદ" .................... | શ્રી કનુપ્રસાદ પાઠક 'કમલ' | 18 |
| 10. | શાખા સમાચાર ...................................... | | 19 |
| 11. | સુપર્બ લાઈન્, ...................................... | શ્રી ગિરીશ 'નિલગિરી' | 20 |


Price : Rs. 5/- • Yearly Subscription : Rs. 50/- (In India) • Pulished & Printed at : Ahmedabad

આ માસિકમાં પ્રગટ થતી અધિકૃત જાહેરાતો માટે ગુ. થિ. ફેડરેશન જવાબદાર છે. – તંત્રી

# થિયોસોફિકલ સોસાયટીના ત્રણ ઉદ્દેશો

(૧) પ્રજા ધર્મ જ્ઞાતિ, જાતિ, વર્ણ કે રંગના ભેદભાવ રાખ્યા વિના માનવજાતિનું વિશ્વબંધુત્વનું એક કેન્દ્ર રચવું.

(૨) તુલનાત્મક રીતે ધર્મ, તત્વજ્ઞાન અને વિજ્ઞાનના અભ્યાસને સમગ્રતાની દ્રષ્ટિએ ઉત્તેજન આપવું.

(૩) કુદરતના નહિ સમજાએલા નિયમોનું અને મનુષ્યમાં રહેલી સુષુપ્ત શક્તિઓનું સંશોધન કરવું.

## ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન

હરજીવન હેડ ક્વાર્ટર્સ, ''હોમી હાઉસ'' ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧.

ફેડરેશન અંગેનો કોઈપણ પત્રવ્યવહાર ફેડરેશન મંત્રીને અમદાવાદ લખવો.

### ફેડરેશન હોદ્દેદારો

પ્રમુખ : **શ્રી નરેશભાઈ એ ત્રિવેદી** ઉપપ્રમુખ : **શ્રી કાન્તીલાલ પી. પટેલ**

મંત્રી : **શ્રી દર્શનભાઈ સી. મોદી** સહમંત્રી : **શ્રી વલ્લભભાઈ રાખોલીઆ**

ખજાનચી : **શ્રી રમેશચંદ્ર ડોલીઆ**

**ફેડરેશન દ્વારા પ્રગટ થયેલાં પુસ્તકો મેળવવા માટે લખો.**

**☛ બુક સ્ટોલ મેનેજર ☛**

**"હોમી હાઉસ" ૧૫૧૬, કૃષ્ણનગર, ભાવનગર - ૩૬૪ ૦૦૧.**

| | |
|---|---|
| નવા સભ્ય પ્રવેશ ફી | રૂ.૧૦૦/- |
| સભ્ય ફી | રૂ.૧૫૦/- |
| દંપતિ સભ્ય ફી | રૂ.૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂ.૭૫/- |
| લાઈફ મેમ્બર ફી | રૂ.૩૦૦૦/- |
| ઈન્ડિયન થિયોસાફીસ્ટ | રૂ.૩૦/- |
| 'થિયોસોફિક જ્યોતિ' વાર્ષિક લવાજમ | રૂ.૧૦/- |

### ફેડરેશન મંત્રીનું સરનામું

**શ્રી દર્શનભાઈ સી. મોદી**

એ/૨, મમતા કોમ્પ્લેક્ષ, ન્યુ મૃદુલ પાર્ક—૧,
સોલા રોડ, અમદાવાદ — ૩૮૦ ૦૬૧
**મો.નં. ૯૪૨૭૩ ૧૧૯૫૪**

### થિયોસોફિકલ સેવાસંઘ (T.O.S.)

અંગે પત્રવ્યવહાર
**શ્રી નરસિંહભાઈ એ. ઠાકરીયા**
**એ/૩૦૧, સનાઈ રેસીડન્સી, પરશુરામ ગાર્ડન સામે,**
**અડાજણ, સુરત-૩૯૫૦૦૯**
**મો : ૯૪૨૬૩ ૬૨૨૫૩**
**(રહે.) ૦૨૬૧-૨૭૪૬૭૨૨**

### "થિયોસોફિક જ્યોતિ"ના લવાજમના દર

| | |
|---|---|
| ભારતમાં (વાર્ષિક) | રૂ.૫૦/- |
| ભારતમાં આજીવન | રૂ.૧૦૦૦/- |
| પરદેશમાં હવાઈ માર્ગે | રૂ.૧૦૦૦/- |
| પરદેશમાં હવાઈ માર્ગે આજીવન | રૂ.૫૦૦૦/- |

(આજીવન મર્યાદા ૧૦ વર્ષની રહેશે.)

### "થિયોસોફિક જ્યોતિ" માટે જાહેરાતના દર

(એક વખત પ્રસિદ્ધના માટેના દર)

| | |
|---|---|
| અંદરનું કવર પેજ ટાઈટલ પાનું નં.૩ | રૂ.૬૦૦-૦૦ |
| અંદરનું આખું પાનું | રૂ.૫૦૦-૦૦ |
| અંદરનું અડધું પાનું | રૂ.૩૦૦-૦૦ |
| સૌજન્ય પૃષ્ઠ | રૂ.૫૧-૦૦ |

ઉપરોક્ત જણાવેલ દાન, ભેટ કે જાહેરાતનાં નાણાં **'જી.ટી.એફ. જ્યોતિ પ્રકાશન ફંડ'** એ નામે મનીઓર્ડર કે ડીમાન્ડ ડ્રાફ્ટથી નીચેના સરનામે મોકલવા તેમજ જ્યોતિના ટપાલ સરનામાં તથા નિયમિત મળવા અંગેનો પત્રવ્યવહાર નીચે જણાવેલ સરનામે કરવો :-

**શ્રી હર્ષવદન એમ. શેઠ**

'શ્વેત પદ્મ' ૯, અપૂર્વ બંગલોઝ,
શારદા હાઈસ્કુલ પાછળ, ભૂયંગદેવ પાસે, મેમનગર,
સોલા રોડ, અમદાવાદ - ૩૮૦૦૫૨.
**મો. — ૯૮૨૪૦૭૩૬૭૮, ૯૦૧૬૨૨૪૮૨૫**
E-mail-harshavadan_sheth@yahoo.co.uk

**જ્યોતિ** અંગેના પત્રવ્યવહાર માટે પણ ઉપરના સરનામે પત્રવ્યવહાર કરવો.

**નોંધ : આ અંકમાં પ્રસ્તુત થતાં લેખો સાથે તંત્રીશ્રી સહમત છે તેવી માન્યતા ધરાવવી નહીં.**

## ઓગષ્ટનાં ઓજસ
### સંપાદકીય

*પ્રસ્તુતિ*
**શ્રી હર્ષવદન શેઠ**

૧૨મી ઓગષ્ટનો દિવસ થિયોસોફિકલ જગતમાં વિશેષ દિન તરીકે એટલે યાદ રાખવો જોઈએ કે તે દિવસે સોસાયટીનાં મહાન સ્થાપક સભ્યોમાંના એક મેડમ બ્લેવેટ્સ્કીનો જન્મ ૧૨મી ઓગષ્ટ, ૧૮૩૧માં યુક્રેઈનના એક નગર યેકેટેરીનોસ્લૉવમાં થયેલો, જે રશિયન સામ્રાજ્યનો ભાગ હતો. તેમનો જન્મ દિવસ ૧૨મી ઓગષ્ટ હતો પરંતુ ૧૯મી સદીના રશિયામાં જુલિયન કેલેન્ડર પ્રમાણે ૩૧મી જુલાઈ ગણાય છે. તેમને આપણે સોસાયટીનાં સ્થાપક તરીકે ફક્ત જાણીને ગૌરવ અનુભવવાનું નથી, પરંતુ તેમના કાર્યનાં ઓજસને વધુ વિસ્તારવાનું છે. તેમના વ્યક્તિત્વનાં ઓજસમાં જેઓ ખૂબ જ પ્રભાવિત થયેલાં તેમાંના કેટલાંકને યાદ કરીએ. વિલિયમ જેમ્સ, એબનર ડબલ ડે, આઈરીસ કવિ જ્યોર્જ રશેલ, ડબ્લ્યુ બી. યીટ્સ, થોમસ એડીસન અને આલબર્ટ આઈન્સ્ટાઈન ! લંડનમાં બુદ્ધિસ્ટ લોજના સ્થાપક ક્રિસમસ હંમ્ફ્રીઝ અને તેમના મિત્ર ડી. ટી. સુઝુકી કે જેઓ પશ્ચિમના જગતમાં બુદ્ધ ધર્મના ફેલાવામાં મુખ્ય ભાગ ભજવનાર હતાં.

મેડમ બ્લેવેટ્સ્કીનાં ચિત્ર (પોટ્રેઈટ) સમક્ષ ધ્યાનસ્થ ઊભા રહીને ડી. ટી. સુઝુકીએ અનેરી પ્રેરણા પ્રાપ્ત કરેલી અને જાહેર કર્યું હતું કે મેડમ એવી વ્યક્તિ હતાં જેમનાં લીધે તેઓ પોતાને મળેલ કાર્ય સિદ્ધ કરી શક્યાં. તેમના વિશે જે બે પુસ્તકો પ્રકાશિત થયાં તેમાં ૧૯૯૩માં સીલ્વીયા ક્રેન્સ્ટન દ્વારા 'એચ.પી.બી.' શિર્ષક ધરાવતું (Tarcher / Putnam, 1993) અને ૧૯૯૫માં પીટર વોશિંગ્ટન દ્વારા 'મેડમ બ્લેવેટ્સ્કી'ઝ બબુન' (Schocken, 1995) શિર્ષક ધરાવતું પ્રકાશિત થયું. બ્લેવેસ્ટ્કીના બુદ્ધ ધર્મ અંગેનાં વિચારોની પરિપાટીની સુક્ષ્મતા એટલી બધી કારગત હતી કે પશ્ચિમનાં જગતમાં તેનો સ્વીકાર કરવા પારંપારિક રૂઢિચુસ્ત ખ્રિસ્તી સંપ્રદાય પણ ડાર્વિનવાદની સામે ગુઢ વિદ્યાનાં વૈજ્ઞાનિક પાસાઓને સ્વીકારીને હિંદુ ધર્મ તથા બુદ્ધ ધર્મ તરફ આકર્ષાયાં.

ઓગષ્ટ મહિનામાં જ બીજી ઓગષ્ટ, ૧૮૩૨માં જન્મેલાં આપણા બીજા સ્થાપક કર્નલ હેન્રી સ્ટીલ ઓલ્કોટને મેડમ બ્લેવેટ્સ્કી સાથે જ યાદ કરીએ છીએ. થિયોસોફિકલ સોસાયટીનાં પ્રથમ પ્રમુખ તરીકે ૧૮૭૫ થી ૧૯૦૭ સુધીનો તેમનો કાર્યકાળ અત્યંત પ્રવૃત્તિશીલ, સેવાકીય પ્રવૃત્તિઓ, લોજોની સ્થાપનાઓ, પ્રવાસો, પ્રવચનો અને શાતાવાહક ક્રિયાઓમાં સતત વ્યસ્ત રહ્યો. એવું તારણ કરી શકાય કે મેડમ બ્લેવેટ્સ્કીએ 'થિયોસોફિ (ગૂઢ વિદ્યા) અથવા (બ્રહ્મવિદ્યા) આપી. જ્યારે કર્નલ આલ્કોટે 'થિયોસોફિકલ સોસાયટી' આપી. **'Old Diary Leaves'** નાં ૭ ગ્રંથોમાં થિયોસોફિકલ સોસાયટીનો સળંગ ઈતિહાસ આલેખાયેલો છે.

થિયો. સોસાયટીના પ્રમુખ તરીકે કર્નલ ઑલ્કોટે ભારત, સિલોન, જાપાન અને અન્ય પૂર્વના દેશોમાં હિંદુ ધર્મ, બૌદ્ધ ધર્મ, પારસી ધર્મ અને ઈસ્લામ ધર્મનાં પુનર્જીવનનું કાર્ય આરંભ્યું અને સફળતા મળી. સંસ્કૃત ભાષાના પુનરૂદ્ધારને વેગવંત બનાવેલો. સિલોનના તથા અન્ય દેશોનાં બૌદ્ધ ધર્મના વિવિધ સંપ્રદાયોને એકત્રિત કરેલાં. અડ્યાર લાઈબ્રેરીની સ્થાપના કરી ત્યારે તે પ્રસંગે પહેલીવાર હિંદુ ધર્મ, બુદ્ધ ધર્મ, પારસી ધર્મ અને ઈસ્લામ ધર્મના ધર્મગુરુઓએ સમૂહ પ્રાર્થનામાં સાથે ભાગ લીધો. થિયોસોફીનો જગતભરમાં પ્રચાર કરવા માટે એમણે દીર્ઘદૃષ્ટિ વાપરીને કેન્દ્રીય મથકની આસપાસ સ્વાયત્ત વિભાગનો સિદ્ધાંત અપનાવેલો.

**જેસલરાજ રાજેશકુમાર ઠાકરિયાએ અમેરિકાની યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી પ્રાપ્ત કર્યાની ખુશી નિમિત્તે**
**સૌજન્ય : શ્રી નરસિંહભાઈ ઠાકરિયા, સનાતન લોજ, સુરત**

આમ ઓગષ્ટ મહિનામાં બીજી તારીખે તેમના જન્મ દિનની ઉજવણી ગુજરાતભરની દરેક લોજ પોતાની આગવી રીતે કરે અને થિયોસોફિકલ સોસાયટીના કાર્યને કર્નલ ઓલ્કોટ સાહેબની જેમ આગળ ધપાવે.

ઉપરોક્ત વાત તો આપણાં બંને મેધાવી સ્થાપકો અંગે કરી. ઓગષ્ટ માસમાં તેઓનાં જન્મ દિવસોની યાદમાં આપણાં 'ઓજસ'માં પ્રેરણાનાં પુષ્પો ખીલે તેવી શુભ ભાવના સંમિલિત છે ! જન્મ સાથે મૃત્યુને પણ થિયોસોફિક જગતમાં ગૂઢવિદ્યાના એક વિશિષ્ટ અભ્યાસમાં અનંતની ક્ષિતિજે દૈદિપ્યમાન હોવાની અનુભૂતિ સોસાયટીના ત્રીજા પ્રમુખ ડૉ. એરુન્ડેલ સાહેબે અનુભવેલી. કેવો અનોખો અંદાજ !

૧૯૦૨ માં ક્વીન્સ હોલમાં ડૉ. બેસન્ટે એમનું અતિ સુંદર અને વિશ્વવિખ્યાત પ્રવચન ''થિયોસોફી અને શાહીવાદ'' એ વિષય ઉપર આપ્યું. ત્યારે ડૉ. એરુન્ડેલ એ ભાષણ સાંભળવા ગયેલા અને તે જ ક્ષણે એમની આંખોમાં નવું તેજ આવ્યું. અનેક જન્મોનાં માતા અને ગુરુ જાણે એમને મળી ગયાં. એમણે ડૉ. બેસન્ટના ચરણોમાં પોતાનું જીવન અર્પણ કરી દીધું. એમણે પ્રતિજ્ઞા લીધી કે ''જ્યાં તું જઈશ ત્યાં હું આવીશ, જ્યાં તું રહીશ ત્યાં હું રહીશ, તારા માણસો એ મારા માણસો થશે, તારો પ્રભુ મારો પ્રભુ બનશે, જ્યાં તું મરીશ ત્યાં હું મરીશ, જ્યાં તુ દટાઈશ ત્યાં જ હું પણ દટાઈશ.'' એ એમની ઝંખના પ્રમાણે જ એમના ગુરુ અને માતાની જગ્યાએ જ એમનું ૧૨મી ઓગષ્ટ, ૧૯૪૫ ના રોજ મરણ થયું અને એ જ જગ્યાએ એમનો અગ્નિ સંસ્કાર પણ થયો. એક જ જગ્યાએ એટલે અડ્યારનાં **Garden of Rememberance** માં એ બંનેની ભસ્મ અનોખા ઓજસ પાથરી રહી છે.

ઓગષ્ટ મહિનામાં જો ગુજરાતની એક વિશિષ્ટ પ્રતિભાને યાદ કરવામાં આવે તો તે છે સ્વ. રોહિત મહેતા ! શ્રી રોહિતભાઈનો જન્મ ત્રીજી ઓગષ્ટ, ૧૯૦૮ માં સુરત મુકામે થયો હતો. એક પ્રખર થિયોસોફિસ્ટના વ્યક્તિત્વને જાણવું અને માણવું હોય તો રોહિતભાઈના જીવનમાં ડોકિયું કરવું જરૂરી છે. રાજકારણમાંથી વિમુખ થઈને અધ્યાત્મ માર્ગે વળી જનાર રોહિતભાઈના જીવનમાં સી. જિનરાજદાસજીનાં પુસ્તકોની ઘેરી અસર રહી. ડૉ. એરુન્ડેલે તેમને ૧૯૩૭માં ઓલ ઈન્ડિયા યુથ ફેડરેશનનાં પૂર્ણ સમયનાં મંત્રી બનાવ્યા હતાં.

૧૯૪૧ માં એરુન્ડેલ સાહેબે તેમને અડ્યાર બોલાવ્યાં અને આખીયે સોસાયટીનાં રેકોર્ડિંગ સેક્રેટરીની જવાબદારી સોંપી. 'ધિ થિયોસોફિસ્ટ' મેગેઝિનમાં એમના લેખો પ્રસિદ્ધ કરવાની ઉમદા તક મળી. ૧૯૪૪માં હિંદ વિભાગના જનરલ સેક્રેટરી તરીકે ચૂંટાયા. વારાણસીમાં થિયોસોફિનાં વિદ્યામંદિરોને પ્રબળ અને પ્રભાવશાળી બનાવ્યાં.

આ સમય દરમિયાન ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, ઈન્ડોનેશિયા, મલાયા, શ્રીલંકા, પાકિસ્તાન વગેરે દેશોની મુલાકાત લઈને થિયોસોફિના શિક્ષણોને અદ્‌ભૂત રીતે રજૂ કરીને આંતરરાષ્ટ્રીય વક્તા પણ પુરવાર થયાં. બનારસના એમના એ સુવર્ણ યુગ દરમિયાન ૧૯૪૯ ની સાલમાં કૃષ્ણજી સાથે આશરે ચાર પાંચ અઠવાડિયા લગી રસાકસી ભરેલી ઉગ્ર છતાં નવું સમજવાની ઉત્કૃટ તૈયારીવાળી અને જરૂર પડે તો તમામને છોડી દેવાની તત્પરતા સાથે ચર્ચા કરવાનો અનેરો અવસર પ્રાપ્ત થયો. કૃષ્ણજીની જીવન દષ્ટિએ એમનામાં ઊંડાણ સર્જ્યાં. જેના પ્રભાવથી રોહિતભાઈએ

*(અનુસંધાન પાન-૧૦ ઉપર)*

**સ્વ. પૂર્ણિમાબેન સી. સોનીના અપ્રતીમ સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી છબીલદાસ કે. સોની (સી. કે. સોની), શ્રીરામ લોજ, હિમ્મતનગર**

# ગિરિ-તળેટીથી

પ્રસ્તુતિ
નરેશ એ. ત્રિવેદી
ગુ. થિ. ફે. પ્રમુખ

૨૦૧૯ નો મે માસની તા. ૨૮-૨૯-૩૦ એમ ત્રણ દિવસ ભોવાલી ખાતે 'હિમાલયા થિયોસોફિકલ સ્ટડી સેન્ટર'માં ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન અને મુંબઈ થિયોસોફિકલ ફેડરેશનનાં સંયુક્ત પ્રયાસથી ''માર્ગ પ્રકાશિની'' ગ્રંથનો અભ્યાસ વર્ગ રાખવામાં આવેલ. હાજર રહેલ સૌ સભ્યોએ રસપૂર્વક અભ્યાસ વર્ગમાં ભાગ લીધો હતો. જો કે ગુજરાત થિયો. ફેડરેશન દર વરસે અભ્યાસ વર્ગનું આયોજન કરે છે, તેમ જ દર વર્ષે વાર્ષિક અધિવેશન પણ જુદા જુદા સ્થળોએ યોજવામાં આવે છે અને સભ્યો તેમાં ઉત્સાહથી હાજર રહી ભાગ લે છે અને છેલ્લે આખું વરસ ચાલે એવું વૈચારિક ભાથુ મળ્યાનો સંતોષ પણ વ્યક્ત કરતા હોય છે.

હવે વિચારવાનું એ રહે છે કે શું આપણે માત્ર કાંઈક નવા નવા વિચારો મેળવી શકીએ તે માટે જ ભેગા થઈએ છીએ ? કોઈક નવી ઓળખાણ થાય કે જૂના મિત્રો કે આત્મબંધુઓને મળી યાદ તાજી થાય એટલા માત્ર કારણથી મળી છીએ ? કે પછી બીજા ગંભીર હેતુ છે ? જો માત્ર નવા નવા વિચારોથી આપણા જ્ઞાન (માહિતી)માં વધારો કરવાનો જ હેતુ હોય તો તેનો કોઈ અર્થ નથી. કારણ કે તે તો માત્ર ભારરૂપ જ સાબિત થાય. હા, કદાચ ક્યારેક કોઈની સાથે ચર્ચા કે વાદ-વિવાદમાં પોતાને વધુ જાણકારી છે તેનો દેખાડો કરવા ઉપયોગી થાય. પણ તેનાથી તો અહંકાર રૂપી અશુદ્ધિનો આપણામાં વધારો જ થતો જાય; જે જીવનમાં કોઈ રીતે ઈચ્છવા યોગ્ય નથી. ખરેખર તો આપણે થિયોસોફિકલ સોસાયટીના સભ્યો હોવાને નાતે આપણા કામનું સ્વરૂપ શું છે તે જાણવું ખૂબ જ જરૂરી છે.

આપણને સૌને અનુભવ છે, ઘણીવાર લોકો પ્રશ્ન પૂછે છે કે થિયોસોફિકલ સોસાયટીનું કાર્ય શું છે ? અથવા એમ પણ ઘણા પૂછે છે કે તમો સૌ ભેગા થઈને કઈ પ્રવૃત્તિ કરો છો ? જો કે આવા પ્રશ્નોથી આપણે મુંઝાવાની કે વ્યાકૂળ થવાની બિલકુલ જરૂર નથી. સામાન્ય જનસમાજને આપણા હેતુની ભલે કોઈ જ કિંમત ના હોય, પરંતુ આપણે તો જાણીએ જ છીએ કે આપણું કામ માનસિક વલણોમાં પરિવર્તન લાવી સમગ્ર માનવ જાતિમાં વિશ્વબંધુત્વની ભાવના જાગૃત કરી, તેને સબળ બનાવી સમગ્ર માનવ સમાજમાંથી ભેદભાવની ભાવના દૂર કરી, સૌમાં એક્યતાની ભાવનાથી સુખ અને શાંતિ બળવતર થાય તે કરવાનું છે. પરંતુ જ્યાં સુધી આપણા પોતાના વલણમાં ફેર ન પડે ત્યાં સુધી આપણે બીજાના વલણને ફેરવી ના શકીએ. પ્રથમ પોતાનામાં જ પરિવર્તન લાવીએ તો જ અને ત્યારબાદ બીજાના વલણમાં ફેરફાર લાવી શકાય.

વિશ્વમાં અનેક સંસ્થાઓ કાર્ય કરે છે. પછી તે ધાર્મિક હોય, રાજકીય હોય, આધ્યાત્મિક હોય કે સેવાકીય હોય. તેની સરખામણીમાં આપણી સામ્ય સંખ્યા નાની છે. તેમ છતાં તેમાં ઘણા ભાગલા છે. તેથી પ્રથમ એમાં આપણે એકતા લાવવી ખૂબ જરૂરી છે. આ બાબત વલણના પરિવર્તનથી જ સાધ્ય બને. આમ આપણું કામ બે વિભાગમાં વહેંચાયેલું છે : (૧) પોતાના માનસિક વલણમાં પરિવર્તન લાવવું અને (૨) આવું પરિવર્તન સર્વત્ર પ્રસરે તે માટે કાર્ય કરવું.

'માર્ગ પ્રકાશિની' (**Light on the Path**)ના અભ્યાસ વડે પહેલો હેતુ સિદ્ધ કરી શકાય. આ અભ્યાસ

**સ્વ. ધર્મિષ્ઠાબેન તરુણકુમાર દેખ્તાવાલાના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી તરુણકુમાર એમ. દેખ્તાવાલા, રેવા લોજ, વડોદરા**

વધુમાં વધુ વિચારો મેળવવા માટે નથી કરવાનો. વધારાના વિચારોથી આપણે વ્યવહાર બદલાતો નથી. અરસ-પરસનો સંબંધ વ્યવહારથી બદલાય ત્યારે વલણમાં પરિવર્તન થયું કહેવાય, કેવળ વિચારના સ્તરે નહિ, પરંતુ સંબંધના સ્તર સુધી પરિવર્તન પહોંચે ત્યારે જ આંતરિક શાંતિ અને સુખ મળે.

આપણે જાણીએ છીએ કે વિશ્વમાં બે પ્રકારના માનવો છે. એક એવા જેમને પ્રારબ્ધ મુજબ કર્મના ફળ સ્વરૂપ જે કાંઈ મળે છે તેમાં સંતોષ માની જીવન વિતાવે છે, જ્યારે બીજા પ્રકારના મનુષ્યને જીવનમાં કાંઈક વિશેષ પ્રાપ્ત કરવાની ઈચ્છા હોય છે. પછી તે વિશેષ ધન, પદ, યશ, કીર્તિ કે સર્વોત્તમ સુખ પ્રાપ્તિ કે એવું ગમે તે હોય. આ બીજા પ્રકારના મનુષ્યોમાં કેટલાક આ જિંદગી દરમિયાન જ ભૌતિક સિદ્ધિ મેળવવા પ્રયત્ન કરી અથવા સિદ્ધિ પ્રાપ્ત કરી પોતાની જાતને ધન્ય સમજે છે. જ્યારે તેમાંથી થોડા એવા હોય છે કે જેઓ આ જન્મથી મરણ સુધીની એટલે કે હોસ્પિટલથી સ્મશાન સુધીની જિંદગીને જ જીવન નથી માનતા, પણ એવું સમજે છે અને માને છે કે આ જીવન તો શાશ્વત જીવનનો એક અંશ – એક ભાગ માત્ર છે. જીવન તો ઘણા કાળથી વહી રહ્યું છે, તેના ભાગરૂપ હાલ જીવાતું જીવન છે. અગાઉની અનેક જિંદગીમાં દુઃખની આત્યંતિક નિવૃત્તિ અને પરમ સુખની પ્રાપ્તિ માટે કરેલા પ્રયત્નોના અનુભવે શીખવા મળ્યું છે કે અંતે પોતે ફળ સ્વરૂપે દુઃખ જ મેળવતો રહ્યો છે. કર્તા અને ભોક્તા ભાવથી વિતેલા દરેક જીવનકાળ દરમિયાન કરેલા કર્મોને પરિણામે પોતે હંમેશા વધુ ને વધુ બંધનમાં બંધાતો રહ્યો છે અને તેને કારણે હવે અતિ વ્યથિત થયેલો, મુઝાયેલો, અહીં-તહીં પરમ સુખરૂપી મુક્તિ કે મોક્ષની ઈચ્છાથી ભટકતો, જે કોઈ તેને જીવનનો રાહ બતાવી શકે તેવા બ્રહ્મનિષ્ઠ ગુરૂને શરણે જાય છે.

અહીં ગુરૂ તેને પ્રથમ સાધન ચતુષ્ટ્ય પ્રાપ્ત કરવા ઉપદેશ આપે છે. ગુરૂ તેને વિવેકજન્ય વૈરાગ્ય પ્રાપ્ત કરી, હૃદયમાં શુદ્ધ પ્રેમ ધારણ કરી, સદ્‌ગુણોનો સહારો લઈ, આગળના અતિ સાંકડા, કઠિન અને અંધકાર ભર્યા લાગતા માર્ગ પર પ્રયાણ કરવા કેવી સાધના જરૂરી છે, તેના પર પોતાના અનુભવસિદ્ધ જ્ઞાન રૂપી પ્રકાશ પાથરી, તેનો માર્ગ, શિષ્યનો માર્ગ, સરળ બનાવી આપે છે. જ્યારે સાધક ગુરૂએ બતાવેલા માર્ગ પર સંપૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસથી સખત સાધના કરી એક એક કદમ નિરંતર આગળ વધે છે, ત્યારે એક સમય એવો આવે છે, જ્યારે તેના હૃદયની બધી ગ્રંથિઓ છેદાય જાય છે અને જેમ ગીતામાં અર્જુન કહે છે,

નષ્ટો મોહઃ સ્મૃતિર્લબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત ।
સ્થિતોડસ્મિ ગત સંદેહઃ કરિસ્યે વચને તવ ॥
(ગીતા ૧૮-૭૩)

એને બધો મોહ અને અજ્ઞાન રૂપી અંધકાર દૂર થતા, જ્ઞાનના પ્રકાશમાં આગળનો પંથ સ્પષ્ટ થતાં, એક પરમ સુખનો અનુભવ થાય છે. પરમ સુખ પામ્યાનો ભાવ હૃદયમાં ગુંજી ઊઠે છે અને પછી તો તેના હૃદયમાં અમર સંગીત-અનાહદ નાદ **(Voice of Silence)** સંભળાય છે અને તે ઘડીએ જ તે પોતે કૃતકૃત્ય થયાનો ભાવ અનુભવે છે. આ અનુભૂતિને શબ્દોમાં વર્ણવી શકાતી નથી, કેમ કે વાણી પણ ત્યાંથી પાછી ફરે છે.

જગતના દરેક ધાર્મિક કે આધ્યાત્મિક ગ્રંથોમાં જીવન માર્ગના આવા પ્રવાસી માટે આવું સાહિત્ય છે, પરંતુ સામાન્ય જન-સમુદાયનો તે સીધી રીતે ઉપયોગી થઈ શકતું નથી, કારણ કે તે અતિ રહસ્યમય રીતે, ગુઢ ભાષામાં અને સૂત્રોના સ્વરૂપમાં જ હોય છે. થિયોસોફિકલ સોસાયટીના મહાન ગુરૂઓએ – મહાત્માઓએ – આવા અતિ પ્રાચીન પ્રાકૃત સંસ્કૃતમાં લખાયેલા સૂત્રોને આપણા માટે આપણી સમક્ષ સૌને ઉપયોગી થાય એવા સ્વરૂપે તેઓની ઉચ્ચ ભાવનાથી મુક્યા છે. થિયોસોફિકલ સોસાયટી પાસે વિશાળ

સાહિત્ય અને ગ્રંથો છે. પણ તેમાંય ''ગુરુ ચરણે'', ''માર્ગ પ્રકાશિની'' અને ''મૌનનો નાદ'' એ ત્રણ તો અતિ મૂલ્યવાન રત્નો સમાન છે. આ લેખમાં આપણે ''માર્ગ પ્રકાશિની'' ગ્રંથનો અભ્યાસ કરતા પહેલા શું ધ્યાનમાં રાખવાનું છે ? કેવી સાવધાનીની જરૂર છે ? તે બાબત પર ધ્યાન દોરવા પ્રયત્નો કરવા છે.

'માર્ગ પ્રકાશિની' પુસ્તક કદમાં નાનું છે, પરંતુ થિયોસોફિકલ સાહિત્યમાં અતિ મૂલ્યવાન છે. તેથી જ બેસન્ટ મૈયાએ કહ્યું છે કે પ્રબળ ઈચ્છા અને ઉત્કૃષ્ટતા સિવાય કશું જ મેળવી શકાતું નથી. આ પુસ્તકમાં રહેલું ઘણું બધું આપણે આ ગુણો સિવાય મેળવી શકીએ નહીં. આ વડે જ માનવ મનનું પુનઃ સંસ્કરણ કરી શકાય.

માર્ગ પ્રકાશિની ગ્રંથનું મૂળ લખાણ અતિ પ્રાચીન સંસ્કૃતમાં સૂત્રોના સ્વરૂપમાં છે. કુલ બે ભાગમાં ત્રીસ સૂત્રો છે. સંસ્કૃમાં સૂત્ર એટલે,

અલ્પાક્ષરં, અસંગ્ધિધમ્ સાશ્વત્ સર્વતો મુખમ્ ।
અક્ષોભ્યં, અનવધ્યયમ્, સુત્રમ્, સુત્રવિદો વિદુ ॥

એટલે કે જેમાં થોડા જ અક્ષર હોય, જેમાં શંકા કે સંદેહ ન હોય, જે કહેવાનું હોય તેનો સાર આવી જ ગયો હોય, સર્વ તરફ જેનો અર્થ નિકળતો હોય, જેમાં એવું કાંઈ જ ન હોય જેનો વિરોધ કે ખંડન થઈ શકે અને જે પહેલા બીજે કહેવાયું ન હોય તે સૂત્ર કહેવાય, એમ સૂત્રને જાણનારા આને સૂત્ર કહે છે.

આમાના સૂત્રો પ્રથમ દ્દષ્ટિએ વિરોધાભાષી લાગે છે. રહસ્યવાદનું સાહિત્ય ઘણીવાર વિરોધાભાષી લાગતું હોય છે, પરંતુ તે આત્મિક દ્દષ્ટિથી વાંચવું જોઈએ, નહિ તો એમાનું કશુંય સમજાય નહિ. આ કોઈ સામાન્ય સાહિત્યનું વાંચન નથી અને તે રીતે વાંચવાથી સમજી શકાતું નથી. તે તો રોકાતા રોકાતા, દરેક વાક્ય પર મનન કરતાં કરતાં વાંચવું જોઈએ. તેના દરેક વાક્ય પર ધ્યાન કરવું જોઈએ. ત્યારે અભ્યાસ સિદ્ધ થાય છે અને તેમાંથી ઉત્પન્ન થયેલ જ્ઞાન-પ્રજ્ઞા માણસને તારી દે છે.

તેથી આવા સૂત્રોથી લખાયેલા ગ્રંથના અમૂલ્ય જ્ઞાનને પામવા કે પછી વાંચવા કે સમજવા માટે પણ પહેલા આપણે આપણી જાતને અમૂક રીતે તૈયાર કરવી પડે, તૈયાર કરવી જરૂરી છે. એ વિના આવા જીવનલક્ષી ગ્રંથના ગુઢ-રહસ્યને સમજવાનું કે તેના લક્ષ્યાર્થને પામવાનું સામાન્ય રીતે શક્ય જ નથી. આધ્યાત્મિક માર્ગે જનાર જો માત્ર વાંચન, શ્રવણ કે પરિસંવાદ પૂરતો જ સીમિત રહે તો આધ્યાત્મિક રહસ્યોને પામી શકતો નથી. જેમ વ્યવહારમાં પણ પાણીમાં તરવાની રીત કે મોટર કે બીજા વાહન ચલાવવા બાબતની માહિતી માત્ર જાણવાથી તરી શકાતું નથી કે કોઈ વાહન ચલાવી શકાય નહિ તેને માટે પ્રેક્ટિકલ ટ્રેનિંગ લેવી ખૂબ જરૂરી હોય છે જેમ મેડિકલ કે એન્જિનિયરીંગનો અભ્યાસ કરવો હોય તો તેના વિદ્યાર્થીએ તેના પારિભાષિક શબ્દો જાણવા અને સમજવા પડે અને અભ્યાસ સાથે પ્રેક્ટિકલ જ્ઞાન મેળવવું અનિવાર્ય હોય છે. કોઈ ઉચ્ચ હોદા પર પહોંચવા તેને માટે લાયકાતની જરૂર પડે છે, એ જ પ્રમાણે સંગીતને સાચી રીતે માણવું હોય તો તેને ભાવ અને લાગણીસભર સાંભળતા શીખવું પડે. જો ચાંદનીનો આનંદ માણવો હોય તો ભાવસભર નીરખતા શીખવાની જરૂર પડે છે. તેજ પ્રમાણે જો અંતરમાં દિવ્યતાનો ઉઘાડ કરવો હોય તો ભાવપૂર્વક અભ્યાસ કરવાની જરૂર પડે છે. એટલે જ કવિ કલાપીએ સરસ કહ્યું છે કે ''સૌંદર્ય પામતા પહેલા સુંદર બનવું પડે'' જો આવું હોય તો માર્ગ પ્રકાશિની જેવા અતિ મૂલ્યવાન જીવન ઉપયોગી આત્મલક્ષી ગ્રંથને જાણવા – સમજવા – માણવા કે આત્મસાત્ કરવા તેમાં લખ્યા મુજબ પરમ શ્રદ્ધા અને આત્મવિશ્વાસથી આચરણ કરી જીવવા પ્રયત્ન કરવો જોઈએ. તો જ તેમાની વાત સારી અને સાચી રીતે સમજી શકાય, કારણ કે આ તો અતિ ઉચ્ચ જીવનને લગતી, સૂક્ષ્મ સંકેતો દ્વારા કરેવામાં આવતી બાબતોનો

*(અનુસંધાન પાન-૧૭ ઉપર)*

# ધી હિડન સાઈડ ઓફ ધી થીંગ્સ
વસ્તુઓની ગૂઢબાજુ
સી.ડબ્લ્યુ.લેડબીટરના પુસ્તક પર આધારિત

પ્રસ્તુતિ
શ્રી ધવલ શેઠ
રોહિત લૉજ

*ગતાંકથી આગળ...*

## નેચર-સ્પીરીટ્સની આપણાં પર થતી અસરો

### જુદાં જુદાં દેશોનાં ફેઈરીઝ

દુનિયાનાં જુદાં જુદા ભાગમાં જુદાં જુદા પ્રકારનાં ફેઈરીઝ જોવા મળે છે. ઈંગ્લેન્ડમાં સામાન્ય રીતે લીલાં રંગનાં ફેઈરીઝ જોવા મળે છે. આવાં જ પ્રકારનાં ફેઈરીઝ ફ્રાન્સ અને બેલ્જીયમનાં જંગલોમાં, મેસેચ્યુસેટ્સમાં તેમજ નાયગ્રા નદીનાં કિનારે પણ જોવા મળે છે. ડાકોટામાં જોવા મળતાં કાળાં અને સફેદ રંગનાં ફેઈરીઝ બીજે ક્યાંય પણ જોવા નથી મળતાં. કેલિફોર્નિયામાં પણ આગવા સફેદ અને સોનેરી રંગનાં ફેઈરીઝ જોવા મળે છે.

ઓસ્ટ્રેલિયામાં સુંદર આસમાની રંગનાં ફેઈરીઝ હોય છે, પરંતુ તેમાં પણ વિવિધતા હોય છે. ન્યુ સાઉથ વેલ્સ કે વિક્ટોરિયાનાં ફેઈરીઝ ઉષ્ણકટિબંધવાળા નોર્ધર્ન ક્વિન્સલેન્ડનાં ફેઈરીઝથી અલગ પડે છે. જાવામાં મુખ્યત્વે બે રંગનાં ફેઈરીઝ હોય છે. એક ગળી જેવાં વાદળી રંગનાં હોય છે અને બીજા પીળા રંગનાં હોય છે. અહીં ફૂટબોલનાં ડ્રેસમાં હોય એવાં ભભકદાર લીલાં અને પીળાં રંગના પટ્ટાવાળા ફેઈરીઝ પણ સ્થાનિક રીતે જોવા મળે છે. આવાં પટ્ટાવાળા ફેઈરીઝ દુનિયાનાં આ ભાગમાં જ મુખ્યત્વે જોવા મળતા હોય એવું જણાય છે. મલય દ્વિપકલામાં લાલ અને પીળા રંગના પટ્ટાવાળા ફેઈરીઝ જોવા મળે છે, જ્યારે સુમાત્રામાં સામુદ્રધુનીની બીજી બાજુ પર લીલાં અને સફેદ રંગનાં પટ્ટાવાળા ફેઈરીઝ જોવા મળે છે. ન્યુઝીલેન્ડની દક્ષિણમાં ચાંદી જેવા રંગમાં ઘેરાં વાદળી ટપકાંવાળા જ્યારે સી આઈલેન્ડની દક્ષિણમાં ચાંદી જેવા સફેદ રંગનાં પરંતુ મોતીનાં સીપ જેવાં કે જેમાં ઈન્દ્ર ધનુષનાં બધાં જ રંગોની છાંટ આવી જાય તેવા ફેઈરીઝ હોય છે.

ભારતમાં પણ વિવિધ પ્રકારનાં ફેઈરીઝ જોવા મળે છે. પહાડી વિસ્તારોમાં ગુલાબી અને આછા લીલા રંગનાં તેમજ આછા વાદળી રંગના ફેઈરીઝ હોય છે. જ્યારે મેદાન વિસ્તારોમાં ચમકતા રંગનાં ફેઈરીઝ હોય છે. આફ્રિકાનાં રણમાં જોવા મળતાં કાળાં અને સોનેરી રંગનાં ફેઈરીઝ પણ અહીં જોવા મળે છે.

અમુક નેચર-સ્પીરીટ્સ જાણે પિત્તળમાંથી બનાવેલાં અને ઘસીને ચકચકીત કરેલાં હોય એવાં દેખાય છે. તેઓ હંમેશા જ્વાળામુખીની આસપાર જોવા મળે છે. તેઓ વિસુવીયસ અને ઈભાનાં ઢોળાવોમાં, જાવાનાં અંતરિયાળ ભાગોમાં, સેન્ડવીચ આઈલેન્ડમાં, ઉત્તર અમેરિકાનાં યેલ્લોસ્ટોન પાર્કમાં અને ન્યુઝીલેન્ડનાં નોર્થ આઈસલેન્ડનાં અમુક વિસ્તારોમાં જોવા મળે છે. તેઓ નોમ (Gnome) અને ફેઈરીઝ વચ્ચેનાં નેચર-સ્પીરીટ્સનો તબક્કો દર્શાવે છે.

ઘણા કિસ્સાઓમાં એકબીજાની નજીક આવેલાં દેશોમાં પણ જુદાં જુદા પ્રકારનાં નેચર-સ્પીરીટ્સ જોવા મળે છે. જેમ કે બેલ્જિયમમાં જોવા મળતાં લીલા રંગનાં ફેઈરીઝ હોલેન્ડમાં જોવા મળતાં નથી, હોલેન્ડમાં ઘેરાં જાંબલી રંગના ફેઈરીઝ જોવા મળે છે.

### આયર્લેંન્ડમાં આવેલો એક પવિત્ર પર્વત

દરિયાની સપાટીથી જેમ ઉંચાઈ પર જઈએ તેમ નેચર-સ્પીરીટ્સમાં પણ વિવિધતાં જોવા મળે છે. સપાટ

સૌજન્ય : શ્રીમતી સુશિલાબેન હરિવદન છીંકણીવાળા તથા પ્રો. શ્રી હરિવદન છીંકણીવાળા

મેદાન પ્રદેશોનાં અને પર્વતનાં નેચર-સ્પીરીટ્સ જુદાં જુદાં હોય છે. આયર્લેન્ડમાં સ્લીવનામોન નામનો એક પવિત્ર પર્વત આવેલો છે. એનાં નીચેનાં ઢોળાવો પર લાલ અને કાળા રંગનાં ફેઈરીઝ જોવા મળે છે. આવાં ફેઈરીઝ દક્ષિણ અને પશ્ચિમ આયર્લેન્ડમાં પણ જોવા મળે છે. તેઓ આ પર્વતનાં ચુંબકીય ક્ષેત્રથી આકર્ષાય છે. આ ચુંબકીય ક્ષેત્ર જૂનાં મીલેસીયન જાતિનાં જાદુ જાણતાં પાદરીઓએ તેમનાં લોકો પર પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે ઊભું કરેલું હતું. જેમ જેમ આ પર્વત પર ઉપર ચઢતા જઈએ તેમ તેમ આવા લાલ અને કાળા રંગનાં ફેઈરીઝ ઓછાં થતાં જાય છે અને તેમનાં બદલે વાદળી અને કથ્થઈ રંગનાં ફેઈરીઝ જોવા મળે છે.

આ પર્વત પર દરેક પ્રકારનાં નેચર-સ્પીરીટ્સનો પોતાનો નક્કી કરેલો વિસ્તાર હોય છે અને કોઈ પણ નેચર-સ્પીરીટ પર્વતના શિખરની નજીક જતું નથી. બે હજાર વર્ષોથી પણ વધુ સમયથી લીલા રંગનાં દેવો આ શિખરની રક્ષા કરી રહ્યાં છે. આ શિખર એક એવી શક્તિનું કેન્દ્ર છે કે જે આયર્લેન્ડનાં ભૂતકાળને ભવિષ્ય સાથે જોડે છે. ઊંચાઈમાં આ દેવો મનુષ્ય કરતા પણ વધુ હોય છે. તેમની આંખો તારાઓની જેમ ચમકતી હોય છે અને સનાતન શાંતિવાળી હોય છે. તેઓ એક ચોક્કસ સમયની રાહ જોઈને બેઠેલા છે.

જે કોઈ વ્યક્તિ થોડો પણ વિકાસ પામેલો હશે તે આ ક્ષેત્રના પ્રભાવથી મુક્ત રહી શકતો નથી. ત્યાંના સ્થાનિક લોકો એવું માને છે કે જે કોઈ વ્યક્તિ આ પર્વતના શિખર પર રાતવાસો કરે છે તે સવારે કાં'તો કવિ કાં'તો ગાંડો માણસ બની ગયો હોય છે. જો મનુષ્ય રાત્રે પોતાના પર થતાં મેગ્નેટીઝમને ઝીલવા માટે સક્ષમ હોય તો તે કવિ બને છે, જો તે એટલો શક્તિવાન ન હોય તો તે પાગલ થઈ જાય છે.

## ફેઈરીનું જીવન અને મૃત્યુ

નેચર-સ્પીરીટ્સનાં વિવિધ વર્ગોનો જીવનગાળો જુદો જુદો હોય છે, ઘણાંનો જીવનગાળો ખૂબ જ ટૂંકો હોય છે, જ્યારે ઘણાંનો આપણા મનુષ્ય જીવનથી પણ લાંબો હોય છે. પુનર્જન્મનો સિદ્ધાંત તેમને પણ લાગુ પડે છે. તેમનામાં નાના બાળક તરીકે જન્મ થવો અને પછી વિકાસ થવો એવું નથી હોતું. તેઓ પણ જીવજંતુની જેમ આ દુનિયામાં તેમના સંપૂર્ણ વિકાસ પામેલા શરીરમાં જ જન્મે છે. તેઓ પોતાનું આખું જીવન કોઈ પણ પ્રકારનાં થાક વિના કે આરામની જરૂરિયાત વિના અને કોઈ પણ પ્રકારની વૃદ્ધત્વની અસર વિના પસાર કરે છે.

પરંતુ એવો સમય ચોક્કસ આવે છે કે જ્યારે તેમની ઉર્જા ખતમ થઈ જાય છે, તેઓ જીવનથી થાકી જાય છે અને જ્યારે આવું થાય છે ત્યારે તેમનું શરીર વધુને વધુ ક્ષિણ થતું જાય છે અને માત્ર શરીરનો એસ્ટ્રલ ભાગ જ બચે છે. આ એસ્ટ્રલ જીવનમાંથી તે પોતાના ગ્રુપ-સોલ (Group Soul)માં પાછુ ફરે છે અને અહીંથી તેનો પુનર્જન્મ થાય છે. જ્યારે તેનો પુનર્જન્મ થાય છે ત્યારે તેની ઉર્જા બહારની તરફ ફેંકાય છે અને ઈચ્છાશક્તિ એસ્ટ્રલ અને ઈથરીક ભાગ પર કાર્ય કરે છે, આ ઈચ્છાશક્તિ એક એવું શરીર બનાવે છે કે જે તેણે પાછલા જન્મમાં પ્રાપ્ત કરેલાં વિકાસને યોગ્ય હોય.

નેચર-સ્પીરીટ્સ માટે જન્મ અને મૃત્યુ આપણાં કરતાં ઘણું જ સરળ હોય છે. તેમના માટે મૃત્યુ બધાં જ પ્રકારનાં દુઃખદ વિચારોથી મુક્ય હોય છે. મૃત્યુની જેમ તેમનું જીવન પણ સરળ હોય છે, તેઓ સતત આનંદમાં રહેતાં હોય છે. જાણે કે બાળકોની કોઈ પાર્ટી ચાલી રહી હોય. નેચર-સ્પીરીટ્સમાં સ્ત્રી અને પુરૂષ જેવું કોઈ વર્ગીકરણ હોતું નથી. અહીં કોઈ રોગચાળો હોતો નથી તેમજ અસ્તિત્વ ટકાવી રાખવા માટેનો

સંઘર્ષ હોતો નથી. આથી તેઓ માનવજાતિનાં જે દુઃખો છે તેના મૂળ કારણોથી જ મુક્ત છે. તેઓની લાગણી ખૂબ જ મજબૂત હોય છે અને તેઓ ખૂબ જ ગાઢ અને લાંબી મિત્રતા નિભાવી શકે છે. તેમને ઈર્ષ્યા અને ગુસ્સો આવતો હોય છે પરંતુ કુદરતની વિવિધ ક્રિયાઓ જોઈને તેઓ જે આનંદ અનુભવે છે તેની સામે આ ઈર્ષ્યા અને ગુસ્સાની લાગણી તુરંત જ નબળી પડી જાય છે.

**નેચર-સ્પીરીટ્સનો આનંદ**

તેમને સૂર્યનાં પ્રકાશ અને ચમકમાં આનંદ આવે છે પરંતુ તેઓ એટલા જ આનંદથી ચાંદનીમાં પણ નાચી ઉઠે છે. પાણીનો વરસાદ અને બરફવર્ષા બંને તેમને એક સરખો આનંદ કરાવે છે, તેઓ મુક્તપણે ઉનાળાની હવામાં વિહરે છે. તેમને ફુલો અને વૃક્ષોની સુંદરતા, તેમનાં વિવિધ રંગો અને તેમના વિવિધ આકારો ખૂબ જ ગમે છે એટલું જ નહીં પરંતુ કુદરતી વિવિધ પ્રક્રિયાઓ જેવી કે પુષ્પનું ખીલવું, પર્ણનું બનવું અને ખરી પડવું વગેરેમાં પણ અનેરો આનંદ આવતો હોય છે. તેમની આ લાક્ષણિકતાઓનો ઉત્ક્રાંતિ માટે જવાબદાર મહાત્માઓ દ્વારા ઉપયોગ કરવામાં આવે છે. તેઓ નેચર-સ્પીરીટ્સનો કુદરતમાં વિવિધ રંગોનાં મિશ્રણ તેમજ વિવિધતાની ગોઠવણી માટે ઉપયોગ કરે છે. નેચર-સ્પીરીટ્સ પક્ષીઓ અને જીવજંતુઓનાં જીવનને પણ ખૂબ જ ધ્યાનથી જુએ છે. પક્ષીઓ દ્વારા ઈંડા સેવવાની પ્રક્રિયા તેમજ ઘેટાં અને ખિસ્કોલીઓની રમત જોવાને તેમને આનંદ આવતો હોય છે.

પાર્થિવ જીવન કરતાં ઈથરીક જીવનનો બીજો લાભ એ છે કે નેચર-સ્પીરીટ્સને ક્યારેય પણ ખોરાકની જરૂર પડતી નથી. કોઈ પણ પ્રકારની તકલીફ વગર ફેઈરીનું શરીર પોતાને જોઈતું પોષણ પોતાની આસપાસ આવેલાં ઈથરમાંથી જ લઈ લે છે. ઈથરીક અણુઓની આદાન-પ્રદાનની પ્રક્રિયા સતત ચાલતી જ રહેતી હોય છે. ઈથરીક અણુઓ કે જેમાંથી પ્રાણશક્તિ ચાલી ગઈ હોય તે શરીરની બહાર ફેંકાઈ જાય છે અને તેમનાં સ્થાને બહારથી પ્રાણશક્તિ ધરાવતાં ઈથરીક અણુઓ ગોઠવાઈ જાય છે.

ભલે તેઓ ખોરાક લેતાં ન હોય પરંતુ ફુલોની સુગંધમાંથી તેમને એટલો જ આનંદ મળે છે જેટલો આનંદ મનુષ્યને ખોરાકનાં સ્વાદમાંથી મળતો હોય છે. તેઓ આ સુગંધમાં નહાતા હોય છે કે જેથી સુગંધનાં અણુઓ તેમના શરીરનાં દરેક અણુ સુધી પહોંચે.

(ક્રમશઃ...)

---

(ઓગષ્ટનાં ઓજસ... પાના-૦૪ ઉપરથી ચાલુ)

ઉપનિષદો, વેદાન્ત, યોગસૂત્રો, ભગવદ્ ગીતા તથા થિયોસોફિકલ સાહિત્યનાં રહસ્યગ્રંથો **'Voice of Silence'** અને **'Light on the Path'** ઉપર પોતાનાં ભાષ્યો લખ્યાં. મહર્ષિ શ્રી અરવિંદના સાહિત્યને પણ મૂલવી જાણ્યું. **'J. Krishnamurti and the Nameless Experience'** અને **'J. Krishnamurti and Sant Kabir'** પુસ્તકોમાં રોહિતભાઈની ચકાસણી અને છણાવટ જોવા મળે છે.

ગુજરાત થિયોસોફિકલ ફેડરેશનનાં સંમેલનોમાં અતિથિ વિશેષ પ્રમુખ તરીકે ૧૯૪૬ માં ભાલોદમાં, ૧૯૫૦માં વાઘોડિયામાં, ૧૯૫૫માં લુણા મુકામે, ૧૯૬૦માં આણંદ, ૧૯૬૧માં ચરાડા, ૧૯૭૫માં સુરત મુકામે, ૧૯૮૨માં વડોદરા ખાતે અને છેલ્લે ૧૯૯૨માં ગોધરા મુકામે પોતાના જ્ઞાનનો લાભ આપ્યો. આમ ઓગષ્ટ મહિનામાં આવી વિરલ વિભૂતિઓને યાદ કરીને આપણે સૌ કૃતાર્થ થઈએ છીએ !

• • •

---

**સ્વ. હર્ષવીણાબેન હસમુખભાઈ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી હસમુખભાઈ જે. પંડ્યા, અમદાવાદ લોજ**

# ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન દ્વારા અધિકૃત સૂચના

પ્રસ્તુતિ
શ્રી દર્શન મોદી
ફેડરેશન મંત્રી

પ્રતિ, પ્રમુખશ્રી તથા મંત્રીશ્રી

સાદર પ્રમાણ,

ધી થિયોસોફિકલ સોસાયટીનું ૨૦૧૮-૧૯ મું વર્ષ તા. ૩૦મી સપ્ટેમ્બરે પૂરું થાય છે. તા. ૧લી ઓક્ટોબર, ૨૦૧૯ થી ૨૦૧૯-૨૦ નવાં વર્ષનો આરંભ થાય છે. સૌ સભ્યોને નવા વર્ષની શુભેચ્છા પાઠવતાં આનંદ અનુભવીએ છીએ.

ફેડરેશનના નિયમ મુજબ દરેક લોજે લોજના સભ્યોની ફી, લોજની પ્રવૃત્તિ, સભ્ય સંખ્યા પ્રમુખ-મંત્રીના નામ સરનામા તથા લોજની સંખ્યા મુજબ કાઉન્સીલ સભ્યના નામ અને સરનામા મોકલવાના હોય છે. જે ૫૦ સભ્ય સંખ્યાઓએ એક, ૫૧ થી ઉપર બે અને ૧૦૦ એ ત્રણ કાઉન્સીલ સભ્ય ગણાય છે.

- જરૂરી સૂચનો :

(૧) ફીની વિગતમાં સભ્યનું નામ અને ડિપ્લોમા નંબર ચકાસીને લખવો. દામ્પત્ય સભ્યોના નામ સાથે લખવા. એક સભ્ય હોય અને બીજા (પત્ની તથા પતિ) દામ્પત્ય સભ્ય બને તો નવાં સભ્ય તરીકે પૂરેપૂરી ફી ભરવાની હોય છે. જેના દામ્પત્ય સભ્ય તરીકેનો લાભ બીજા વર્ષથી મળે છે. તે ખાસ ધ્યાન રાખવું.

(૨) જે સભ્યની અગાઉની ફી બાકી હોય તેમની ફી સત્વરે મેળવી લેવી. કયા વર્ષની ફી બાકી છે તે તપાસીને વર્ષ જણાવવું. ડ્રોપ થયા પછી ફરી સભ્યપદ ચાલુ કરાવવા માટે (રીવાઈવર) થવા માટે પત્ર વ્યવહારથી બચી શકાય. કોઈપણ સભ્ય બીજી લોજમાંથી ટ્રાન્સફર થયો હોય તો તેની વિગત પૂરી પાડશો.

(૩) ફી ચેકથી ભરવાનો આગ્રહ રાખશો. ચેક 'ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન' ના નામનો લખવાનો રહેશે. સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડિયા એકા. નં. ૧૮૭૧૯૫૭૦૨૮, યુનિયન બેન્ક એકા. નં. ૩૪૮૮૦૨૦૧૦૦૬૧૦૬૨ ચકાસીને જ ઉપયોગ કરવો.

(૪) લાઈફ મેમ્બરે પોતાની સ્થાનિક લોજની ફી ભરવી ફરજિયાત છે. નહીંતર તે ઇન્ડિયન સેક્શનનો પણ સભ્ય ગણાતો નથી. લાઈફ મેમ્બરે પોતાનું સભ્યપદ ચાલુ રાખવાનો સંમતિપત્ર આપવાનો રહે છે. જેથી તેની જાણ ઇન્ડિયન સેક્શનને કરવાની હોય છે. થિયોસોફિક જ્યોતિનું લવાજમ (રૂા. ૧૦.૦૦) કારોબારીમાં મંજૂર થયા મુજબ આપવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

ઓક્ટોબર ૨૦૧૯-૨૦ ના વર્ષની ફી નીચે મુજબ થાય છે.

| | |
|---|---|
| નવાં સભ્ય પ્રવેશ ફી | રૂા. ૧૦૦/- |
| સભ્ય ફી | રૂા. ૧૫૦/- |
| દામ્પત્ય સભ્ય ફી | રૂા. ૨૨૫/- |
| ૨૫ વર્ષથી ઓછી ઉંમરના સભ્ય ફી | રૂા. ૭૫/- |
| લાઈફ મેમ્બર સભ્યની ફી | રૂા. ૩૦૦૦/- |
| ઇન્ડિયન થિયોસોફિસ્ટ લવાજમ વાર્ષિક | રૂા. ૩૦/- |
| થિયોસોફિક જ્યોતિ | રૂા. ૧૦/- |

દરેક સિનિયર સભ્યોને ફેડરેશન મંત્રી નમ્ર અપીલ કરે છે કે પોતાની લોજના કાર્યમાં સાથ સહકાર આપી લોજની પ્રવૃત્તિને વેગ આપે. ફેડરેશને માંગેલ વિગતો પૂરી પાડી સાથ અને સહકાર આપે જેથી ઇન્ડિયન સેક્શન તથા સરકારી કાર્યો સહેલાઈથી થઈ શકે.

સહકાર બદલ આપ સૌનો ખૂબ ખૂબ આભાર અને સહકારની અપેક્ષા.

**સૌજન્ય : સ્વ. નિર્મળાબેન જી. સોનેજીના સ્મરણાર્થે !**

**સ્વ. શ્રી ઘનશ્યામભાઈ જે. સોનેજીના સ્મરણાર્થે, અમદાવાદ લોજ**

# વેદ પ્રાર્થના

પ્રસ્તુતિ
શ્રીમતિ સુવર્ણાબેન એસ. શાહ
*સનાતન લોજ, સૂરત*

સર્વે ભવન્તુ સુખિનઃ વેદની એક પ્રાર્થના છે,
''સર્વે ભન્તું સુખિનઃ સર્વે સન્તુ નિરામયા, સર્વે ભદ્રાણી પશુયન્તુ, માઁ કશ્ચિદ્ દુઃખ ભાકભવેત''

આ વેદની એક પ્રાર્થના છે કે તે ઘણાં કરતાં હોય છે. આપણાં અંગત વિશ્વ એટલે કે કુટુંબ અને પોતાના સુખ માટે પ્રાર્થના કરીએ છીએ. કોઈ બહુ જ બિમાર હોય ત્યારે નજીકના લોકો પ્રાર્થના કરતા હોય છે. કોઈ વ્યવસ્થા માટે પ્રાર્થના કરે છે. માનવીની સમજણ ઉચ્ચ કક્ષાની હોય તો સમજાય કે વિશ્વના સમગ્ર પદાર્થો, માનવી, અણુએ અણુ એક બીજા સાથે જોડાયેલાં છે. આપણે સૌ એક જ સર્જનહારનું સર્જન છીએ. જ્યારે આપણી આ પ્રકારની માનસિક સ્થિતિ બને ત્યારે આપણી પ્રાર્થનાનું કેન્દ્ર બિંદુ જે અગાઉ 'સ્વ' હતું તે ધીમે ધીમે સુક્ષ્મ બને અને સર્વ સુધી વ્યાપ્ત થઈ જાય છે.

''સા ત્વસ્મિન્ પ્રેમસ્વરૂપા'' અર્થાત્ પ્રાર્થનાનો આ વાક્ય દ્વારા ભગવાનમાં પ્રેમ પ્રગટાવે છે, તે પ્રેમ સ્વરૂપ છે. ''અમૃત સ્વરૂપા ચ'' અર્થાત્ અમૃત એટલે કે દુઃખરહિત, જેમાં દુઃખ નથી તેવી ક્રિયા તે પ્રાર્થના.

સંતો સત્યના જ્ઞાની હતા. હકીકતમાં આપણે બીજાના ભલા માટે પ્રાર્થના કરીએ ત્યારે સાથે સાથે આપણું પણ ભલું થતું હોય છે. પ્રમુખ સ્વામી કહે છે કે ''સૌના ભલામાં આપણું ભલું છે. આપણું મન વિશાળ છે. જેમાં સૌ કોઈ સમાઈ જાય છે. કોઈ પ્રત્યે કડવાશ રહેતી નથી. વેરવૃત્તિ નાશ પામે છે. જીવો અને જીવવા દો ની ભાવના બને છે. અહિંસાનું આચરણ સરળ બને છે. અનીતિ, દગો, પ્રપંચ, ભ્રષ્ટાચાર, હિંસા જેવા દુર્ગુણો મનમાંથી નાશ પામે છે. આ પ્રાર્થનાથી કોઈનું બૂરું કરવાનું મન નહિ થાય. અન્ય સાથેનો વ્યવહાર બદલાઈ જાય. મનમાં સુખ અને શાંતિ થાય. કોઈ માટે પૂર્વગ્રહ ન રહે. સુખ શાંતિ, આનંદ વ્યાપી જાય છે. ''વસુધૈવ કુટુંબકમ''ની ભાવના માનવીમાં જાગે.

આ વેદની પ્રાર્થનાથી ઈશ્વર સાથે અનુસંધાન થાય છે. યોગ સાધનાના અંતે, થિયોસોફીની અનેક લોજમાં અંતે વેદની પ્રાર્થના અવશ્ય થતી હોય છે. પ્રાર્થનામાં માંગણી પત્રક ન હોવું જોઈએ. સહજભાવે જે પ્રાર્થના થાય તે ઈશ્વર સાંભળે છે અને ઈશ્વર પ્રસન્ન થઈ માનવી મુશ્કેલીમાં હોય ત્યારે અવશ્ય સાથે હોય છે.

એટલે મનમાંથી શબ્દ સરી પડે.

''વાતની તે વાતમાં વહાલો અઢળક ઢળિયો.
મેં તો ખોબો માંગ્યો, તેણે દઈ દીધો દરિયો.''

બાળકોને પ્રાર્થના મોઢે ન આવડે પણ તે મુંઝાયા કરે. તે ઉપાય કરી 'અ'થી શરૂ કરી 'જ્ઞ' સુધીના બધા મૂળાક્ષરો બોલે પછી ભગવાનને કહે, ''હે પ્રભુ, મને પ્રાર્થના આવડતી નથી. હું બારાક્ષરી બોલી ગયો છું. તમને પસંદ પડે તેવી પ્રાર્થના બનાવી લેજો.''

શું બાળકની પ્રાર્થના ઈશ્વરે નહિ સાંભળી હોય ? ચોક્કસ સાંભળી હશે. કારણ કે તેમાં નિર્દોષતા છે. સહજતા છે. ઈશ્વરને પ્રાર્થનામાં આડંબર ન ગમે, ગોખેલી પણ ભાવ વગરની પ્રાર્થના પ્રભુને ન પહોંચે. પ્રાર્થનામાં મનનો ભાવ, ઈશ્વર પ્રત્યેનો પ્રેમ મહત્ત્વનો છે.

પ્રાર્થનામાં તાલ, રાગ, વાજિંત્રો ન જોઈએ પણ મોટા શબ્દો અને પ્રેમ જરૂરી છે.

આપણામાં ઈશ્વરીય શક્તિ જોડાય તો આપણને અનંત શક્તિનો ભંડાર મળે. ગમે તે સજોગો કે મુસિબતોમાં આપણને અનંત શક્તિનો ભંડાર પ્રાપ્ત થાય છે. આગળ વધવાની તાકાત મળે છે. આપણી ભીતર રહેલો ડર નાશ પામે છે.

મધર ટેરેસા કહે છે, ''પ્રાર્થના માટે કોઈ જ વિશેષ જ્ઞાન કે વાક્પટુતા જરૂરી નથી. તે માટે તો નિર્મળ હૃદયમાંથી ઉદ્ભવેલા શબ્દો જ મહત્ત્વનાં છે.

''તમને કંઈ જોઈએ તે પ્રાર્થના ન કરો
એણે ઘણું આપ્યું છે એનો આભાર માનવા માટે પ્રાર્થના કરો.''

**સ્વ. કલાબેન કાંતિલાલ પટેલના સ્મરણાર્થે**
**સૌજન્ય : શ્રી કાંતિલાલ પી. પટેલ, સનાતન લોજ, સૂરત**

# શ્રીમદ્ ભગવત ગીતા
## નવાઈ લાગે છતાં સાવ સાચુ

પ્રસ્તુતિ
શ્રી સેવંતિલાલ મોદી
અમદાવાદ લૉજ

(૧) અરબી ભાષામાં 'ગીતા'નું પ્રથમ ભાષાંતર કરનાર પેલેસ્ટાઈનના વતની નામે ''અલ ફતેહ કમાન્ડો'' હતાં. તેઓ શરૂઆતમાં જર્મનીનાં બર્લીન શહેરની ISKON–ઈસ્કોન (ઈન્ટરનેશનલ કૃષ્ણ કોન્સીયશનેસ) શાખામાં જોડાયા, ત્યારબાદ હિન્દુ ધર્મ અપનાવ્યો.

(૨) 'ગીતા'ના ઉર્દૂ ભાષામાં સર્વ પ્રથમ અનુવાદકનું નામ ''મહંમદ મહેરૂલ્લાહ'' હતું. ત્યારબાદ તેમણે હિન્દુ ધર્મ અપનાવ્યો.

(૩) એક યહૂદી જેમણે 'હિબ્રૂ'માં સૌ પહેલાં ગીતાનું ભાષાંતર કરેલું તે ઈઝરાયેલ દેશના 'બેઝાસીટીયોન લ ફતાહ' નામ ધરાવતા હતા, તેઓ ત્યારબાદ 'હિન્દુ ધર્મી' બની ગયા.

(૪) 'રશિયા' દેશના 'નોવોકોવ' નામના રૂષી ભાષામાં ગીતાના અનુવાદક સૌપ્રથમ હતા. તેમણે ભાવવિભોર થઈ ત્યારથી 'કૃષ્ણભક્ત' બની ગયા.

(૫) 'ચાર્લ્સ વીલ્કીનોસ' નામના અંગ્રેજે 'ગીતા'નો સૌ પ્રથમ અનુવાદ કર્યો. તેથી તેમણે પ્રભાવિત થઈ હિન્દુ ધર્મ અપનાવ્યા બાદ એવું વિધાન કર્યું કે ભવિષ્યની દુનિયામાં એક માત્ર ધર્મ ''હિન્દુ ધર્મ'' જ અસ્તિત્વ ધરાવતો હશે.

(૬) 'ઈન્ટરનેટ' પર 'વીલીયમ જેમ્સ' નામના ૨૭ વર્ષના યુવાનથી 'ગીતાના શ્લોકો' આકસ્મિક સહજતાથી વંચાઈ ગયા. તેના પર વિચારતાં તેની માનસિક વિચારસરણીમાં એવું તો રૂપાંતરણ થયું કે પોતાનો કરોડોનો કારોબાર છોડી હિન્દુ સંન્યાસી બની ગયો.

(૭) ગીતાનો અનુવાદ કરનાર ૨૮૩ જેટલા અનુવાદકોમાંથી પોતાનો ધર્મ ત્યાગી હિન્દુ ધર્મી બનનારાઓમાં બંગાલીની સંખ્યા ૫૮ છે. અંગ્રેજી ૪૪ થાય છે. સ્પેન દેશના ૪, ફ્રાન્સના પણ ૪ અને ઉર્દૂ ભાષીઓની સંખ્યા ૩ થાય છે.

ગીરીશચંદ્ર સેન નામના વિદ્વાને 'કુરાન'નો બંગાલી ભાષામાં સર્વ પ્રથમ અનુવાદ કર્યો. તેઓ હિન્દુ જ રહ્યા. કારણ કે તે અગાઉ તેમણે 'ગીતા' વાંચી હતી !

• • •

(''માર્ગ ઓળંગી... પાના-૧૫ ઉપરથી ચાલુ)

યાદ રાખો કે પ્રત્યેક દિવસની જેમ, પ્રત્યેક જન્મ પણ શાશ્વત નથી જ, સમયની ગતિમાં બધું જ ક્ષણભંગુર છે. તમારૂં જીવન કોઈ એક જ દિવસ કે એક જ શ્વાસમાં સમાપ્ત નથી. તમે પોતાને સમજાવો કે આ નાશ્વંત શરીર તમારૂં નથી, તેનો અંત પણ તમારી ઈચ્છા મુજબ થઈ શકે નહીં. આ બધુ માત્ર માયાનો ખેલ છે. સનાતન સત્યના પ્રમાણ મુજબ તમે જે આત્મા છો તે જ પરબ્રહ્મ છે, તેજ પરમશક્તિ છે. તેનો કદી અંત નથી, મૃત્યુ પણ અંત નથી, તે ગતિનો ભાગ છે. અનંત, અનાદિ વિશ્વમાં અસીમ સમયના ભાગરૂપે ચેતનાથી તમે સદાય જીવંત છો. એક જીવનના અંતથી કશું થતું નથી. બ્રહ્મ જ સર્વોપરિ છે. બ્રહ્મ જ પરબ્રહ્મ છે !

• • •

સ્વ. અંજનાબેન સોનેજીના સ્મરણાર્થે
સૌજન્ય : શ્રી ભાસ્કરભાઈ સોનેજી, અમદાવાદ લોજ

પ્રસ્તુતિ
પ્રો. શ્રી એચ. જી. છીંકણીવાળા
અમદાવાદ લૉજ

# "માર્ગ ઓળંગી જવો તે સરળ નથી"

## આ લેખ યોગગુરૂ સ્વામી ક્રિયાનંદના વક્તવ્ય પર આધારિત છે.

પ્રાચીન ગ્રીક તત્વજ્ઞાની ઝેનો એ કહ્યું હતું કે રસ્તો ઓળંગવો તે શક્ય નથી. તેમણે દલીલ કરી કે જો રસ્તો ઓળંગવો હોય તો પહેલાં તો તે અર્ધો જ ઓળંગી શકાય, પછી બાકી રહેલાં અંતરનો અર્ધો ભાગ ઓળંગાય અને ત્યાર પછી જ હજુ બાકી રહેલા અર્ધા ભાગને ઓળંગી શકાય. માણસ ગમે તેટલો દૂર જઈ શકતો હોય છતાંય તેણે હંમેશાં સર્વ પ્રથમ તો બાકી રહેલા અંતરનો અર્ધો ભાગ જ કાપવો અને ત્યાર પછી જ તે પૂરો રસ્તો ઓળંગી શકે. આ રીતે તો માણસ હંમેશા પ્રવાસ પૂર્ણ કરતાં પહેલાં ચાલતો જ રહે છે. ચાલતાં ચાલતાં જ તે નાના નાનાં સૂક્ષ્મ અંતરો કાપતો રહે છે અને છતાંય તે કદી સામે પાર પહોંચતો જ નથી ! આ વાત જરૂર આશ્ચર્ય ભરેલી છે.

તત્વજ્ઞાની ઝેનો એ જે એક તર્ક કુદાવી દીધો તે એવો છે કે ગતિનો આધાર અવકાશમાં એક બિંદુથી બીજા બિંદુ તરફ જવો એવો નથી, ગતિનો પોતાનો પણ નિયમ છે. જેમાં સત્ય છે. ખરેખર તો ગતિને કારણે જ અવકાશનું અસ્તિત્વ ઊભું થાય છે. ગતિ જ અવકાશનું સર્જન કરે છે, જેમાં તે ગમન કરે છે. ગતિ દ્વારા અવકાશના જે બિંદુઓનું જોડાણ થાય છે, કે તેમ ભાસ થાય છે તે બિંદુઓ જ આપણને સ્થિર હોવાનો ભાસ કરાવે છે. તે બિંદુઓ પણ સ્થિર નથી જ. તેથી ગતિ હંમેશા ચાલુ જ રહે છે, તે કદી પૂર્ણ થતી નથી.

સમયના મહા ચક્રમાં (parabola), સમગ્ર બ્રહ્માંડના વૈશ્વિક અસ્તિત્વમાં, એક મનુષ્યનું જીવન શું મહત્ત્વનો ભાગ ભજવે છે ?

આનો જવાબ આપણને તત્વજ્ઞાનની ઝેનોના ઉદાહરણ પ્રમાણે જે બિંદુઓ, રસ્તાના છૂટક ટૂકડાના ભાગો, જે વાસ્તવિક જણાય છે પણ તેવા ખરેખર હોતાં નથી, તેમાં મળે છે. વ્યક્તિઓનાં જીવન પણ આ રીતે જ ખરેખર વાસ્તવિક હોતાં નથી. અસંખ્ય બિંદુઓ સ્થિર જણાય છે, પણ ખરેખર તેમ નથી.

દરેક વ્યક્તિનું જીવન જે આપણી વચ્ચે છે તથા તદ્દન નજીકથી સ્પર્શે છે, જે આપણને સંપૂર્ણ વાસ્તવિક જણાય છે, તે પણ સાચા અર્થમાં વાસ્તવિક નથી, પણ માત્ર આભાસિત છે. શાસ્ત્રો પણ તેમ જ કહે છે. મનુષ્યનું જીવન માત્ર માયાનો ખેલ છે. જે કંઈ દેખાય છે તે શાશ્વત નથી, માટે મિથ્યા છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ કહે છે કે "હે અર્જુન, આત્મા કદી મૃત્યુ પામતો નથી કે જન્મ લેતો નથી. આત્માને જન્મ-મૃત્યુ જેવું કશું નથી, તેની ગતિ સદાય ચાલુ જ રહે છે. આ ગતિનો અંત આવતો જ નથી, તેથી મૃત્યુ કે નવો જન્મ તેને લાગુ પડી શકે નહીં. આ સનાતન સત્ય છે. આત્મા સદૈવ અમર છે. જન્મ-મૃત્યુ તો દેહને લાગુ પડે છે. જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં ધારણ કરવા જેવું આ સરળ સત્ય છે. આપણે પણ જન્મ સમયે નવાં વસ્ત્રો રૂપી શરીર ધારણ કરીએ છીએ અને મૃત્યુ સમયે તે શરીર છોડી દઈએ છીએ, પણ ગતિ તો ચાલુ જ રહે છે. શ્રીકૃષ્ણ અર્જુનને સમજાવે છે કે જન્મ બીજું કશું નથી સિવાય કે જૂનાં વસ્ત્રો ત્યજીને નવાં વસ્ત્રો પહેરી લેવાં કે ધારણ કરવા. આત્માને શરીર રૂપી વસ્ત્રો કાયમ માટે વળગી રહેતાં નથી, તે પણ સતત બદલાયા

સૌજન્ય : શ્રી ફખરૂદ્દીનભાઈ ટી. કપાસી
ભાવનગર લૉજ

કરે છે, જેમ રસ્તા પરના બિંદુઓ કદી સ્થિર હોતાં નથી, પરંતુ માત્ર તેવો આભાસ થાય છે. ગતિ તો સતત ચાલુ જ છે, બિંદુઓ સ્થિર રહી શકતાં નથી, માત્ર ક્ષણિક તેવો ભાસ થાય છે. જૂનાં વસ્ત્રો સદાય ઉપયોગી રહેતાં નથી, તેથી નવાં વસ્ત્રો લેવાય કે બદલાય અને તે પણ સમયના ચક્રમાં જૂનાં બની જાય, જરૂર.

હવે તત્વજ્ઞાની ઝેનોની દલીલ મુજબ તથા આત્માની સતત ચાલુ રહેતી ગતિના સત્યને આધારે, અસીમ સમયના પરિપ્રેક્ષ્યમાં, આપણે પણ એક નવું સત્ય સમજી શકીએ કે પ્રત્યેક દિવસ, નવો ઊગતો દિવસ, મનુષ્યના જીવનમાં એક નવો જન્મ કે અવતાર ગણી શકાય. આપણે દરરોજ નિત નવા અવતાર પામીએ છીએ, નવાં વસ્ત્રો પહેરીએ છીએ, પ્રત્યેક દિવસે આપણે પણ પુનર્જન્મ પામીએ છીએ. પ્રત્યેક દિવસે આપણી સામે નવા પડકારો ઊભા થાય છે, જેનો આપણે સક્ષમતાપૂર્વક સામનો કરીએ છીએ અને આમ દરરોજ નવી તકો મેળવીને, આપણે નવું શીખીએ છીએ, અનુભવીએ છીએ અને તે રીતે આપણે આત્માનો વિકાસ સતત ચાલુ જ રહે છે.

જો યોગીઓના કથન મુજબ, આપણે દિવસના (૨૪) ચોવીલ કલાકના સમયને પણ ટૂકડાઓમાં ભાગી નાખીએ, બિંદુઓ રૂપે વિચારીએ તો, પ્રત્યેક શ્વાસ પણ આપણો પુનર્જન્મ બને છે. પ્રત્યેક ઉચ્છવાસે એક નવો જન્મ થાય છે. કારણ તે મૃત્યુ છે. શ્વાસ અંદર લેવો તે જન્મ, બહાર કાઢવો તે મૃત્યુ બરાબર છે. હકીકતમાં તો બાળક જન્મતાં જ તેનો શ્વાસ શરૂ થાય છે અને મૃત્યુ સમયે દરેક વ્યક્તિનો શ્વાસ બંધ થઈ જાય છે. આમ દરેક શ્વાસ જન્મ-મૃત્યુની સાંકળ બને છે. યોગ-સાધનામાં આનું મહત્ત્વ સ્વીકારાય છે તથા ધ્યાનમાં પણ શ્વાસ ચાલુ રહે છે. આ જ પ્રમાણે, તત્વજ્ઞાની ઝેનોની દલીલને આગળ વધારતાં સ્વામીશ્રી ક્રિયાનંદજી સમજાવે છે કે મનુષ્યના મનમાં આકાર લેતો પ્રત્યેક વિચાર (thought) તે નવો જન્મ ગણાય તથા વિચારનો વિલય થાય તેને મૃત્યુ કહેવાય. આ ગતિ પણ સતત ચાલુ જ રહે છે. વિચારની ગતિ માત્ર ધ્યાન દ્વારા રોકી શકાય. પ્રત્યેક શ્વાસ લેતાં શરીર શાસ્ત્રના નિયમ મુજબ ચેતાતંત્રના ધબકારા ચાલુ રહે છે, કરોડરજ્જુમાં ધમણની જેમ ફૂલવાનું તથા સંકોચાઈ જવાનું પણ સતત બન્યા જ કરે છે. જે હવે જોઈ શકાય છે.

તથા પ્રાણશક્તિનો આ પ્રવાહ આ રીતે આપણા સૌના શરીરમાં સતત વહ્યા જ કરતો રહે છે. વળી આ પ્રમાણે થતી ઉતાર-ચઢાવની ક્રિયા, ઊર્જા-સ્વરૂપે, મનુષ્યના શરીરમાં ઈચ્છાઓને જન્માવે છે, ટકાવી રાખે છે.

હવે યોગી મહારાજ (ક્રિયાનંદ સ્વામી) આપણને હજુ વધુ આગળ લઈ જાય છે. તેઓશ્રી સમજાવે છે કે જો આપણે જીવનમાં કશુ પણ મહત્ત્વનું પરિવર્તન ઈચ્છતા હોઈએ તો, આપણે તે (ઈચ્છા–desire)ને આપણા શ્વાસોચ્છવાસ સાથે જોડવી જોઈએ. ઊંડો શ્વાસ લેવાથી તે ક્રિયા મદદરૂપ બને છે. ઊંડો શ્વાસ લઈને તમારી ઈચ્છાનો વિચાર કરો, શ્વાસને રોકી રાખો અને તમે ઈચ્છો છો તેવા ફેરફારને મનમાં દૃઢતાથી ધારણ કરો, પૂરેપૂરી નિશ્ચિત સ્વરૂપે, હકારાત્મક રીતે, બે ભ્રમરોની વચ્ચે, આજ્ઞાચક્રના સ્થાને, શરીરને ચુસ્ત કરો, નવા શ્વાસની સાથે નવી ઊર્જા શરીરમાં ભરાવા દો અને ત્યાર પછી શ્વાસને બહાર છોડો અને તે રીતે તમારા મનમાંથી જૂની ટેવોને નિર્ણયાત્મક રીતે દૂર કરો. જો તમારૂં મન મક્કમ હશે તો આ હકારાત્મક ઊર્જાની મદદથી નવી ઈચ્છા સાથે તમે એક જ દિવસમાં જૂની નકારાત્મક ટેવની પકડમાંથી મુક્ત થશો. પ્રયત્ન કરવો જરૂરી છે.

*(અનુસંધાન પાન-૧૩ ઉપર)*

# "મોક્ષ ક્યારે ?"

પ્રસ્તુતિ
શ્રી ભરત ચુડાસમા
અમદાવાદ લૉજ, અમદાવાદ

માનવ શરીર મોક્ષ પ્રાપ્ત કરવા માટે જ મળ્યું છે. માનવ શરીર ધારણ કરીને મોક્ષ પ્રાપ્ત ના કરી લે, તો પછી ચોર્યાસી લાખ યોનીમાં ફરીથી ભટકવાની દશા આવે. મનુષ્ય માત્ર દેહના બંધનમાંથી છૂટીને પરબ્રહ્મમાં લીન થવાને ધારે તો સમર્થ છે અને સ્વતંત્ર પણ છે. કારણ કે તે પરબ્રહ્મનો જ અંશ હોઈ તેમાં જ લીન થવાને, મોક્ષ પ્રાપ્ત કરવાને માટે તે આખરે સર્જાયો છે, પરંતુ જ્યાં સુધી તે પૂરેપૂરા પ્રારબ્ધ ભોગવી ના લે અને પાછળનાં અનાદિકાળના અનેક જન્મ જન્માંતરના જમા થયેલા સંચિત કર્મના અસંખ્ય હિમાલયો ભરાય તેટલા કર્મના ઢગલાને આ જીવનકાળ દરમિયાન સાફ ના કરે, ભષ્મ ના કરે, ત્યાં સુધી તેને વારંવાર અનંતકાળ સુધી અનેક જન્મો ધારણ કરવા જ પડે, ત્યાં સુધી તેને મોક્ષ મળે જ નહિ. તેને મોક્ષ મેળવવાની તીવ્ર ઈચ્છા થાય અને તેને મેળવવો જ હોય તો તેને તમામ સંચિત કર્મોના ધ્વંશ કરવો પડે. તમામ સંચિત કર્મોને જ્ઞાનાગ્નિથી ભસ્મ કરવા પડે અને ચાલુ જીવનમાં પ્રારબ્ધ કર્મોને પૂરેપૂરાં ભોગવી લેવા પડશે.

આ જીવનકાળ દરમિયાન અત્યારથી જ તેણે નવા ક્રિયમાણ કર્મ એવી રીતે કરવા જોઈએ કે જે કરતાની સાથે તરત જ ફળ આપીને શાંત થઈ જાય અને તેથી કરીને તેમાંનું એક પણ ક્રિયામણ કર્મ, પાકીને ફલ આપવા પ્રારબ્ધ રૂપે સામે આવીને ખડું થાય નહિ અને તે ભોગવ્યા પછી કોઈ પણ દેહ ધારણ કરવો પડે નહિ.

પરંતુ મુશ્કેલી એ છે કે જીવ ચાલુ જીવનકાળ દરમિયાન ભોગવવા પાત્ર થતાં પ્રારબ્ધ કર્મો ભોગવતાં ભોગવતાં નવા અસંખ્ય ક્રિયામણ કર્મો કરે છે, તે ભોગવવાં બીજા અસંખ્ય જન્મો ધારણ કરવા પડે, એટલે આ વિષચક્રનો અંત જ આવતો નથી. એટલે પહેલાં તો આ જીવનકાળ દરમિયાન હવે પછી તે જે ક્રિયમાણ કર્મો કરે તે એવી કુશળતા પૂર્વક કામ કરે કે કર્મો કદાપી સંચિતમાં જમા થાય જ નહિ અને તેથી તે ભવિષ્યમાં નવા દેહના બંધનમાં નાખે નહિ. બસ, આવી કુશળતાપૂર્વક કામ કરવું તેનું જ નામ યોગ ! એટલે ગીતામાં ભગવાને યોગની વ્યાખ્યા કરી છે કે ''યોગઃ કર્મષુ કૌશલમ્'' ક્રિયમાણ કર્મો ઉપર જણાવ્યા પ્રમાણે કુશળતાપૂર્વક કરે તેનું જ નામ યોગ !

## પિતૃ-અશરીરી આત્મા

મરણ પછી શું થાય છે ? શરીર પૃથ્વી લોક પર અને આત્મા તથા સુક્ષ્મ શરીર આકાશમાં ભળી જાય છે. વિભિન્ન ધર્મોની અંદર અલગ અલગ માન્યતાઓ આ મૃત્યુ સંબંધી છે. હિન્દુ ધર્મમાં તો પરલોકોનું વર્ણન છે. તે આત્માનાં શુદ્ધ શરીર સાથે ત્યાં નિવાસની વાતો કરી છે. આ બધા મત-મતાંતરોની વચ્ચે સામાન્ય માણસનું ચિત્ત ભ્રમમાં પડી શકે છે કે આખરે સત્ય શું ? પ્રમાણ શું ? વગેરે. આ બાબતો પરથી હજી કોઈએ રહસ્યો ખોલી સત્યને રજૂ કરવાની તથા આત્માની અમરતાની, પિતૃની હયાતીની વાત કરી નથી. પરંતુ તત્વો-ઘટનાઓ વગેરે પરથી એ વાતની તો સાબિતી મળે છે કે સ્થુળ શરીરની અંદર કાર્યરૂપ સૂક્ષ્મ શરીરને તે સુક્ષ્મ શરીરનો કર્તા આત્મા પોતાની સાથે સ્મૃતિ યાદ વગેરે લઈ ફરી બીજા શરીરમાં પ્રવેશ પામે છે. એવા કેટલાય ઉદાહરણો પ્રમાણે તથા ઘટનાઓ આપણી આસપાસ બને છે કે તે પરથી એક વાત નક્કી થાય છે કે સ્વજનોને છોડી જનાર પિતૃ મૃતાત્માની અંદર પોતાના વંશજો વગેરે માટે અપાર લાગણી હોય છે, ને તે લાગણી પ્રેમ વગેરે જેટલો વધારે ઘનિષ્ઠ તેટલી સ્મૃતિ વધારે રહે છે. કોઈ ભયંકર દશ્ય મન પર ઊંડી છાપ

**સ્વર્ગસ્થ સવિતાબેન ડાહ્યાલાલ પંડ્યાના સ્મરણાર્થે**

**સૌજન્ય : શ્રી ઉમેશભાઈ ડાહ્યાલાલ પંડ્યા, હરજીવન (આશ્રમ) લોજ, કડોલી**

મૂકે છે ને વારંવાર તે સ્મૃતિમાં આવતા ભયની લાગણી થાય છે. આજ પ્રકારે મૃત્યુના સમયે દેહ છોડતા આત્મા પોતાની સાથે પોતાના સ્વજનોની ઊંડી છાપ સ્મૃતિ યાદ લઈને વિદાય પામે છે. બીજા જન્મમાં તેને થોડી ઉંમર થતાં જ ઘટના, ઘર-સ્વજન યાદ આવે છે. ઘટના સ્થળે જન્મેલા અજાણ્યા વ્યક્તિને જ્યારે આવા સ્વજનો સાથે મેળવવામાં આવે છે ત્યારે તે પોતાના જન્મના ઉદાહરણ સાબિતી વગેરે દ્વારા પોતાની આગલાં જન્મની સાબિતી આપી પોતે પિતૃ છે તેમ દર્શાવે છે. જેટલી પિતૃઓ-મૃતાત્માઓ સાથેની ઘનિષ્ઠતા, પ્રેમ-સંબંધ વધારે તેટલી તેની સ્મૃતિ વધુ રહે છે, જે બીજા જન્મમાં પણ તાજી રહી શકે છે.

મૃત્યુથી પુનઃ જન્મ સુધીનો સમય આત્મા પોતાના સુક્ષ્મ શરીર સાથે ક્યાં રહે છે અને શું કરે છે તે બાબતનાં વિભિન્ન શાસ્ત્રો વગેરેનો અલગ-અલગ મત છે. પરંતુ એક વાત તો નક્કી છે કે મરણ પછી પણ જીવાત્મા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખી શકે છે. તેની પાસે પૂર્ણ શરીર ન હોવાથી તે સુક્ષ્મ શરીર દ્વારા પોતાનો પરચો આપે છે. એવી કેટલીય આત્માઓ છે કે જે આવા પ્રભાવથી જન્મ-મરણ પુનઃ જન્મથી પર હોય છે. તે ધારે ત્યારે શરીર ધારણ કરી શકે છે અને ધારે ત્યારે શરીર છોડી શકે છે. આમ બનવા પાછળનું કારણ એ હોય છે કે તેમની પાસે કોઈ કામના, વાસના, તૃષ્ણા, સ્મૃતિ કે રાગ-દ્વેષ હોતા નથી.

તેથી તેવી આત્માઓ મુક્ત આત્માઓના રૂપે વિચરણ કરે છે અને પોતાના જન્મના ઉદ્દેશ પુરા કરે છે. જે આત્માઓ પોતાની સાથે રાગ, દ્વેષ, વેર-વૃત્તિ, કામના વગેરે લઈને વિક્ષુબ્ધ મનોવૃત્તિ, વિકરાળ માનસ સાથે મરે છે ત્યારે તે મૃત્યુ પછી પ્રેતનું રૂપ ધારણ કરી પોતાની આવી અધુરી ઈચ્છા પૂરી કરવાની કોશિષ કરી ભયનું સામ્રાજ્ય સ્થાપે છે. પરંતુ સહયોગ, સહકાર, શાંતિ વગેરે પ્રદાન કરનારી, માર્ગદર્શન આપનારી આત્મા પિતૃ કહેવાય છે. તેને આપેલ શ્રદ્ધા-ભાવના વગેરે દ્વારા તે પોતાના સ્વજનોને સહાય કરી જીવનમાં સુખ-શાંતિ આપે છે. ભારતમાં પિતૃ પક્ષ, પિતૃ પૂજા વગેરે આવા કારણે જ મનાવાય છે. અમેરિકા દેશના વાઈટ હાઉસ – રાષ્ટ્રપતિ ભવન એ વાતનો પુરાવો છે કે અહીં રાષ્ટ્રપતિ રહી ચૂકેલ ને દેહ છોડનાર મનુષ્યો પોતાની ઉપસ્થિતિ, હયાતી, માર્ગદર્શન વગેરે આપે છે ને પોતે તેજ વાઈટ હાઉસમાં હોવાની સાબિતી આપે છે. આપણે આપણા પિતૃને શ્રાદ્ધ તર્પણ કરી સહાય લઈએ !

● ● ●

(ગિરિ-તળેટીથી... પાના-૦૭ ઉપરથી ચાલુ)

નિર્દેશ કરે છે. તેથી જ તેના માટેની લાયકાત કેળવવા ગુરૂદેવ કે જેઓ આ પરમપદના માર્ગે પ્રવાસ કરી ઘણા જ આગળ વધી ચૂક્યા છે અને માર્ગમાં આવતા અંતરાયોથી પોતે ખૂબ જ પરિચિત છે, તેથી શિષ્યે-સાધકે કેવી અને કેટલી તૈયાર કરવાની જરૂર છે તેની માત્ર કરુણાભાવથી આપણને સૂચનાઓ આપે છે કે જેથી આપણે સાચી દૃષ્ટિ, સાચું શ્રવણ, સાચી વાણી અને સાચા વર્તન દ્વારા ગુરદેવના સાનિધ્યમાં ઊભા રહેવા શક્તિમાન બનીએ. (ક્રમશઃ)

## શ્રદ્ધાંજલિ

શ્રી પૂર્ણાનંદ લોજ, પેટલાદના સક્રિય સભ્યશ્રી નટુભાઈ છોટાભાઈ પટેલ, ડિપ્લોમા નં. ૯૭૨૭૩ નું તા. ૨૫.૬.૨૦૧૯ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને પરમ શાંતિ અર્પે તથા કુટુંબીજનોને સાંત્વના પ્રાપ્ત થાય તેવી લોજના તથા ફેડરેશનના સભ્યો પ્રાર્થના કરીને શ્રદ્ધાસુમન અર્પે છે.

સનાતન લોજ, સુરતના સભ્ય શ્રીમતિ શાંગ્રિલાબેન વી. પંડ્યાનું દુઃખદ અવસાન તા. ૨૨.૭.૨૦૧૯ ના રોજ થયું છે. તેમનો ડિપ્લોમા નં. ૧૦૧૪૫૬ છે. સદ્‌ગતને સૌ સભ્યો શ્રદ્ધાસુમન અર્પે છે.

## શ્રી ગુરુચરણે "કાવ્યાનુવાદ"

પ્રસ્તુતિ
શ્રી કનુપ્રસાદ મ. પાઠક
રેવા લૉજ, વડોદરા

**ગતાંકથી આગળ...**

આચરશે અજ્ઞાન ને મિથ્યા સમજણ સાથ
દબાણ કરતા અન્ય પર આચરવા અજ્ઞાન - ૪૧૩
સૌથી મોટો દોષ આ ગુહ્ય ક્રૂરતા આજ
માનવ તેનો દાસ છે, સમાજ દુશ્મન જાણ - ૪૧૪
બલિ બને છે યજ્ઞમાં ઘણા પશુ નિર્દોષ
કતલ કરી ખુશ થાય તે ના સમજે કંઈ બોધ - ૪૧૫
માંસાહારે પોષાશે નશ્વર તેના દેહ
સૌથી ઘાતક વ્હેમ આ ના તેમાં સંદેહ - ૪૧૬
ખોટા વ્હેમ જ દેશમાં થતાં પુણ્ય ના પાપ
શ્રદ્ધા અંધજ ધર્મમાં હિંસા કરે સભાન - ૪૧૭
મહાન ભારત દેશમાં અછૂત હરિજન આજ
પ્રભાવ દેખો વ્હેમનો નિષ્ઠુર માનવ જાત - ૪૧૮
ભલે ભાવ બંધુત્વનો ફરજ ભાવ અભાવ
પોષે દુષ્ટ રિવાજને નિર્દય ક્રૂર સમાજ - ૪૧૯
દુષ્ટ રિવાજ જ આપણા ક્રૂરતા થાય અમાપ
નિર્દય ભૂલ્યા ભાન સૌ ના સમજ્યા સત્કાજ - ૪૨૦
ઈશ્વર પ્રેમ સ્વરૂપ પણ ઈશ્વર છે બદનામ
નિમિત્ત બનતા ઈશને ગુન્હા થાય અપાર - ૪૨૧
સદ્‌બુદ્ધિ સમજણ ધરી સંભાળો સૌ જાત
વ્હેમ સમૂળો ત્યાગતાં બનશો માનવ સાચ - ૪૨૨
મહાન દોષ જ વ્હેમ છે, પ્રેમ વિરૂદ્ધ જ પાપ
પ્રગતિ ઘાતક વિશ્વમાં શુદ્ધ હો માનવ જાત - ૪૨૩
મુક્ત થવું આ દોષથી ના હો એક જ ધ્યેય
શુદ્ધ ભલાઈ હો અન્યની એ પણ હો ઉદ્દેશ - ૪૨૪
ઝાડ પાન પશુ પંખી પણ સેવાનાં હકદાર
ઈશ્વરના જ સ્વરૂપમાં ફરતાં સૌ ચોપાસ - ૪૨૫
જીવમાત્ર આ વિશ્વનાં સેવે કષ્ટ અપાર
સ્થળચર જળચર સાથ પણ સેવા ભાવ સજાવ - ૪૨૬
તૃણસમું હો કાર્ય કે હિમગિરિ હોય મહાન
નિત્ય જ સેવા અર્પતાં પડશે ટેવ અમાપ - ૪૨૭
ટેવ નિરંતર એ પડે કામ જ હોય મહાન
તક પણ મળતી રાહમાં સાધ્ય કરો તત્કાળ - ૪૨૮
સ્વાર્થ નહીં પરકાજમાં ઈશ્વર સાથ લગાવ
માનવ, ઈશ્વર પ્રેમ રૂપ દિવ્ય જ ભાવ સજાવ - ૪૨૯
પ્રણાલિકા બનશો તમે ઈશ્વર-દૂત તમે જ
વહાણ ઈશ્વર-પ્રેમને વિશ્વ-માનવે તેજ - ૪૩૦
માર્ગ પરમપદ આજ છે, ત્યાગ કરે અન્યે જ
(તે જન) જાણે જીવન પૂર્ણતઃ છેજ સમર્પણ ધ્યેય - ૪૩૧
સેવા, ના નિજ સ્વાર્થથી પરહિતે તે થાય
ઈશ્વરમાં એકત્વનો ઉત્તમ માર્ગ જણાય - ૪૩૨
ઈશ્વરપંથે જે ચઢ્યા સમજ્યા સત્ય જ આજ
પરકાજે ગરકાવ તે ભૂલ્યા મન-તન ભાવ - ૪૩૩
ભૂલ્યા તન-ધન ભાવ ને મન તો ઈશ્વર સાથ
જીવન ધન્ય જ તેમનું પરમ કરે ઉપકાર - ૪૩૪
કલમ બને ઈશ્વર તણી દિવ્ય જ હસ્તે લખાય
વિચાર ઈશ્વરના વહે પ્રગટાવો જગ કાજ - ૪૩૫
કલમ કમાલની તેમની ઈશ્વરની જ સહાય
પૌરુષ આવું અગ્નિસમ જ્વાલા દિવ્ય જણાય - ૪૩૬
દિવ્યાંકર જે હાર્દના બનતા પ્રેમ જ્યોત
ઉજ્જવળે પ્રગટે વિશ્વમાં જગ પામે સંતોષ - ૪૩૭

(ક્રમશઃ)

# શાખા સમાચાર

- **પૂર્ણાનંદ લોજ, પેટલાદ :-** જુલાઈ દરમિયાન બીજા રવિવારે લોજ મીટીંગ પરીખ ચં. કે. સાર્વજનિક પુસ્તકાલયમાં મળી. સર્વધર્મ પ્રાર્થનાથી સભાની શરૂઆત થઈ. અધ્યક્ષ સ્થાનેથી શ્રી પ્રફુલ્લભાઈ પટેલે સૌને આવકાર્યા. 'ભારત સમાજ પૂજા' શું છે ? અને શા માટે છે ? એ વિષે શ્રીમતિ નિર્મળાબેન વ્યાસે સરળ ભાષામાં માર્મિક દૃષ્ટાંતો સાથે રજૂઆત કરી. 'બ્રહ્મ એ જ પરમાત્મા' વિષે શ્રી સતિશભાઈ મોદીએ પ્રવચન આપ્યું. આ મીટીંગમાં શ્રી મનહરભાઈ પટેલ, શ્રી ગિરીશ 'નીલગિરી', શ્રી પૂનમભાઈ રાણા, પ્રિ. પ્રતિક્ષાબેન શાહ, શ્રી બાબુભાઈ તળપદા, શ્રી જગદીશ મેકવાન તથા અન્ય સક્રિય સભ્યો હાજર રહ્યાં.
- **રેવા લોજ, વડોદરા :-** જુલાઈ દરમિયાન ૭મીએ 'દીક્ષાનો માર્ગ' વિષે શ્રીમતિ ચિતલબેન પટેલ, ૧૪મીએ 'ક્વોન્ટમ થિયરી' વિષે ડૉ. કિરણ શિંગ્લોત તથા ૨૧મીએ 'ગુરુ પૂર્ણિમા' વિષે કુ. હિમાદ્રીએ પ્રવચનો કર્યા. ૨૮મીએ ભારત સમાજ પૂજા અને શાતાવાહક વિધિ કરવામાં આવી.
- **સનાતન લોજ, સુરત :-** જુલાઈ દરમિયાન ૩જીએ 'પુરુષ અને પ્રકૃતિ' વિષે ડૉ. દીપિકાબેન પાઠકજી, ૧૦મીએ 'તત્વજ્ઞાનની નવી સમજણ' વિષે શ્રી જોરમલભાઈ મોદી, ૧૭મીએ 'થિયોસોફિનું મહત્ત્વ' વિષે શ્રી જીવનભાઈ કાકલોત્તર અને ૨૪મીએ 'જીવનમાં નીતિ અને ધર્મ' વિષે શ્રી કાંતિલાલ પી. પટેલે પ્રવચનો કર્યાં. ૩૧મીએ ભારત સમાજ પૂજા હાજર સભ્યો દ્વારા કરવામાં આવી.
- **અમદાવાદ લોજ, અમદાવાદ :-** ૩જીએ 'મૌનનો નાદ' વિષે કુ. વર્ષા પટેલ, ૧૦મીએ 'ગીતાંજલિ – રવિન્દ્રનાથ ટાગોર' વિષે પ્રો. હરિવદન છીંકણીવાળા, ૧૭મીએ 'કૃષ્ણમૂર્તિ અને કબીર' વિષે શ્રી હર્ષવદન શેઠ તથા ૨૪મીએ 'માનસિક તણાવ અને બ્રહ્મ વિદ્યા' વિશે શ્રી પ્રફુલભાઈ શાહે પ્રવચનો કર્યા. ૩૧મીએ સુશ્રી રીટાબેન ત્રિવેદી અને ગાયકવૃંદ દ્વારા 'ભજન સંધ્યા' રજૂ થઈ.
- **શ્રી ગિરનાર થિયોસોફિકલ લોજ, જૂનાગઢ :-** ગિરનાર લોજનાં સભ્યો શ્રી નરેશભાઈ ત્રિવેદી, શ્રી વી. વી. રાખોલીયા, શ્રી જે. બી. પંડ્યા તેમજ અત્રેય ત્રિવેદીએ ભોવાલી અભ્યાસ વર્ગમાં તા. ૨૮-૨૯-૩૦ મે, ૨૦૧૯ દરમિયાન ભાગ લીધો. અભ્યાસ વર્ગની સફળતાની પ્રેરણા સભ્યોને પ્રાપ્ત થઈ.
- **રોહિત લોજ, અમદાવાદ :-** જુલાઈ દરમિયાન ૬ઠ્ઠીએ શ્રી ચિત્તરંજન સતપતિ, ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ઉપપ્રમુખએ રોહિત લોજની મુલાકાત લીધી અને 'યોગસૂત્ર' વિષે વાર્તાલાપ આપ્યો. ૧૩મીએ 'વસ્તુઓની ગૂઢ બાજુ' વિષે શ્રી ધવલ શેઠે, ૨૦મીએ 'દક્ષિણામૂર્તિ સ્તોત્ર' વિષે શ્રી રમેશભાઈ ડોલિઆ અને ૨૭મીએ 'જરથુષ્ટ્ર દર્શન' વિષે સુશ્રી કેશ્વર દસ્તુરે પ્રવચનો કર્યા.
- **શ્રી હરજીવન આશ્રમ લોજ, કડોલી :-** જુલાઈ દરમિયાન ૭મીએ 'વિચાર, વાણી, વર્તન અને મનોનિગ્રહ' વિષે ડૉ. હરિહરભાઈ પંડ્યા, ૧૪મીએ 'વિકાસક્રમ' વિષે શ્રીમતી કૈલાસબા, ૨૧મીએ 'સુષુપ્ત શક્તિઓને કેવી રીતે બહાર લાવવી અને તેનો જીવનમાં ઉપયોગ' વિષે શ્રી શંકરભાઈ પટેલ અને ૨૮મીએ 'હકારાત્મક વલણ' વિષે શ્રી નરેન્દ્રભાઈ પટેલે પ્રવચનો કર્યા.

**જાહેર વિજ્ઞપ્તિ :** ફેડરેશનનાં તમામ સભ્યોને ખાસ જણાવવાનું કે થિયોસોફિક જ્યોતિમાં જાહેરાત આપવા માટે તત્પરતા દાખવશો. મેગેઝીનના નિભાવ માટે આ પ્રકારે આર્થિક મદદની જરૂર છે. આપનો તથા કુટુંબિજનોનો જન્મદિવસ, કોઈ વિશેષ પ્રસંગ, લગ્નની વર્ષગાંઠ અથવા આપની દૃષ્ટિએ મહત્ત્વનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય તેની નોંધ સાથે મેગેઝીનમાં છાપેલ દર પ્રમાણે આપ આ સેવા કરી શકો છો. જે સભ્યોના મિત્રો અથવા ઓળખીતા વેપારીઓ હોય તેઓને પણ પોતાની ધંધાકીય બાબતોની જાહેરાત મેગેઝીનમાં આપીને જે-તે સભ્ય પરોક્ષ રીતે પણ મદદરૂપ બની શકે છે. આ અંગે વિશેષ જાણકારી મેળવવા તંત્રીશ્રીનો જરૂરથી સંપર્ક સાધવો.

RNI Code No. GUJ / GUJ / 2015 / 71878, dated 24-05-2017
Registered under Postal Registration No. AHD-C/80/2017/2020 valid upto 31st December-2020 issued by the SSPO'S Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 12th of every month.

Printed Matter Periodicals THEOSOPHIC JYOTI August-2019

To :

If Undelivered Return to : HARSHAVADAN MOHANLAL SHETH
9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.

# સુપર્બ લાઈન્સ

સંકલન
શ્રી ગિરીશ 'નીલગિરી'
પૂર્ણાનંદ લોજ, પેટલાદ

કાં તો મૃત્યુનું સ્વર્ગમાં લાઈવ ટેલીકાસ્ટ થવું જોઈએ,
ને કાં તો જીવતા હોઈએ ત્યારે મૃત્યુનું એક રિહર્સલ થવું જોઈએ.
કોણ આવશે પ્રસંગમાં ? કોણ મને અડશે કોણ કેટલું રડશે ?
એ સમયે જો હું જ નહિં હોઉં, તો યાર મને ખબર કેમ પડશે ?
ઈશ્વરની બાજુમાં બેસીને **FULL HD** માં મારે મારૂં મૃત્યું જોવું છે,
મારા જેવો માણસ મરી ગયો એ વાત પર મારે પણ થોડું રોવું છે.
કેટલાક ચહેરાઓ છેક સુધી ધૂંધળા દેખાયા, એ ચહેરાઓ સ્પષ્ટ જોવા છે.
ચશ્માના કાચ, કારની વિન્ડસ્ક્રીન અને ઘરના અરીસાઓ મારે સાફ કરવા છે.
જેમને ક્યારેય ન કરી શક્યો, એવા કેટલાક લોકોને જતા પહેલા મારે માફ કરવા છે.
મને અને મારા અહંકાર બંનેને, મારે જમીન પર સૂતેલા જોવા છે.
મારે ગણવા છે કે કેટલાક કટકાઓ થાય છે મારા વટના ?
મારે પણ જોવી છે, મારી જિંદગીની સૌથી મોભાદાર ઘટના.
આમ કારણ વગર કોઈ હાર પહેરાવે, એ ગમશે તો નહિ.
પણ તે સમયે એક સેલ્ફી પાડી લેવી છે.
ગમતા લોકોની હાજરીમાં કાયમ ને માટે સૂતા પહેલાં,
એક વાર મારે મારી જાતને જગાડી લેવી છે.
એક વાર મૃત્યુનું રિહર્સલ કરવું છે.
હે ઈશ્વર, કાં તો તું મૃત્યુ ફોરકાસ્ટ કર,
ને કાં તો મારા મૃત્યુનું સ્વર્ગમાં તુ લાઈવ ટેલિકાસ્ટ કર.

પ્રકાશક : શ્રી હર્ષવદન એમ. શેઠ
માલિક : ગુજરાત થિયોસોફિકલ ફેડરેશન, ભાવનગર-૩૬૪૦૦૧
મુદ્રક : નૈષધ પ્રિન્ટર્સ-વિક્રમભાઈ પટેલ નારણપુરા ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ફોન : ૨૭૪૯૧૬૨૭, ૯૮૯૮૫૨૨૦૧૦

Printed and Published by HARSHAVADAN MOHANLAL SHETH on behalf of GUJARAT THEOSOPHICAL FEDERATION and Printed at Naishadh Printers, Nr. Municipal School, Naranpura Gam, Ahmedabad-380013 and published from GUJARAT THEOSOPHICAL FEDERATION, 9 Apurva Bungalows, B/h. Sharda School, Bhuyangdev, Sola Road, Memnagar, Ahmedabad-380052.
Editor - HARSHAVADAN MOHANLAL SHETH